# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૧ * અંક-૧૨ * ઓગસ્ટ, ૨૦૧૮



૧૦૫મી
જન્મજયંતી

દિનદિન વૃદ્ધિમતી નિજ પરિણતિ વચનાતીત સુમંગલ હૈ,
મંગલમૂરતિ-મંગલપદમેં મંગલ-અર્થ સુવંદન હૈ;
આશિષ મંગલ યાચત બાલક, મંગલ અનુગ્રહ દૃષ્ટિ રહે,
તવ ગુણકો આદર્શ બનાકર હમ સબ મંગલમાલ લહે.

नमः श्री कहानगुरुदेवाय । नमः श्री सीमंधरजिनवराय । वन्दे भगवती मातरम् ।

પરમોપકારી સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની સાધનાભૂમિ સુવર્ણપુરી (સોનગઢ)માં

અખિલ સૌરાષ્ટ્ર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ આનંદોલ્લાસ સહ ઉજવે છે

## પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો

# ૧૦૫મો મંગલમય જન્મજયંતી મહોત્સવ

આત્માર્થી મુમુક્ષુ ભાઈશ્રી/બહેનશ્રી .............................. શુભ ગ્રામ .............

અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીને અમારા કોટિ કોટિ વંદન સહ અત્યંત આનંદોલ્લાસ સહ જણાવવાનું કે પરમ તારણહાર શ્રી કહાનગુરુદેવની પરમ કલ્યાણકારી દિવ્ય દેશનાથી વાંકાનેર મુકામે ભવાંતકારી સમ્યક્ત્વરત્ન પ્રાપ્ત કરનાર તથા પૂજ્ય ગુરુદેવશ્રીના શાસનનું સંવર્ધન કરનાર પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેનનો ૧૦૫મો કલ્યાણકારી જન્મ જયંતી મહોત્સવ ઊજવવાનો લાભ અમારા સૌરાષ્ટ્રના મંડળોને પ્રાપ્ત થયો છે. તેથી અમો અત્યંત હર્ષ અને ભક્તિની લાગણી અનુભવીએ છીએ. આપ ઉભય ધર્માત્માઓએ અમારી સૌરાષ્ટ્રની ધરા પર જન્મ લઈ, સમ્યક્ત્વરત્ન પ્રાપ્ત કરી મંગલકારી સાધના સાધીને આ ધરાને પાવન કરી છે. તેથી અમો સૌરાષ્ટ્રવાસીઓ અત્યંત ગર્વ અનુભવીએ છીએ.

ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો આ મહામંગળકારી ૧૦૫મો જન્મજયંતી મહોત્સવ વિ.સં. ૨૦૭૪ના શ્રાવણ સુદ-૧૩, શુક્રવાર તા. ૨૪-૮-૨૦૧૮ થી શ્રાવણ વદ-૨, મંગળવાર તા. ૨૮-૮-૨૦૧૮ સુધી અત્યંત આનંદોલ્લાસ સહ ઉજવવામાં આવશે. અમારી આ ભાવભીની ભક્તિમાં ભાગ લેવા આપ સૌ મુમુક્ષુ ભાઈ-બહેનોને સપરિવાર સુવર્ણપુરી (સોનગઢ) પધારવા અતિ આગ્રહભર્યું નિમંત્રણ છે.

આ પંચ દિવસીય કાર્યક્રમ શ્રી સમવસરણ મંડલ વિધાન પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીના કલ્યાણકારી સીડી પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની અધ્યાત્મમર્મસભર વિડિયો તત્ત્વચર્ચા, ધાર્મિક શિક્ષણ શિબિર, સમાગત વિદ્વાનોના શાસ્ત્ર પ્રવચનો, વિધવિધ ભક્તિઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો એમ અનેકવિધ અનુષ્ઠાનો દ્વારા ઉજવવામાં આવશે. પંડિતરત્ન શ્રી હિંમતભાઈ જે. શાહનાં ભક્તિસભર મધુર કાવ્યોના ગુંજારવ સહ ઉજવવામાં આવનાર આ મહોત્સવમાં પધારવાથી આપને સુવર્ણપુરીના ઉન્નત જિનાલયો સ્થિત જિનબિંબોના દર્શન-પૂજનનો, પ્રતિષ્ઠેય વિશાળકાય બાહુબલી ભગવાનના તથા જંબૂદ્વીપના શાશ્વત જિનબિંબોના દર્શનનો પણ વિશેષ લાભ પ્રાપ્ત થશે.

માટે આત્મહિતના અસાધારણ હેતુભૂત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની જન્મજયંતીના પુનિત અવસરે પધારવા આપ સૌને અમારું પુનઃ પુનઃ ધર્મભાવનાભીનું નિમંત્રણ છે.

પ્રેષક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
C/o અખિલ સૌરાષ્ટ્ર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ
સોનગઢ (સૌરાષ્ટ્ર) ફોન નં. ૦૨૮૪૬-૨૪૪૩૩૪
તા. ૨૨-૭-૨૦૧૮

નિમંત્રક
શ્રી અખિલ સૌરાષ્ટ્ર દિગંબર
જૈન મુમુક્ષુ મંડળના જય જિનેન્દ્ર

વર્ષ–૧૨
અંક–૧૨




વિ. સંવત
૨૦૭૪
August
A.D. 2018

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના મંગલ ઉદ્ગાર



❀ ગુરુદેવશ્રી કહે છે કે તું પરમાત્મા છો, પામર નથી. ગુરુદેવશ્રી બધાને ભગવાન જ કહેતા હતા. દ્રવ્ય કાંઈ પામર નથી, પૂર્ણ ભરેલું છે. તેથી પરમાત્મા જ છે. અને તે પરમાત્મામાંથી પરમાત્મપણું આવે છે. પામરતા છે એ તો પર્યાય અપેક્ષાએ છે. જે ભાવનાવાળો હોય તે એમ કહે કે પ્રભુ ! તમે અમને—પામરને પ્રભુ બનાવ્યો છતાં પણ, પોતામાં પ્રભુતા ભરી છે તેમાંથી પ્રભુતા આવે છે.

❀ ગુરુદેવશ્રીએ ઘણું કહ્યું છે. આત્માનું જ કરવાનું છે. શરીર ક્યાં આત્માનું છે ? રોગ-વેદના આત્મામાં નથી, તેનાથી જુદો આત્મા છે. હું જાણનારો છું, રોગ થાય તે મારામાં નથી. શરીર ઉપર રાગ છે એટલે તેમાં એકત્વબુદ્ધિએ જોડાઈ જવાય છે, પણ શાંતિ રાખવી. ભેદજ્ઞાન કરવાનો પ્રયત્ન કરવો કે હું જાણનારો, સદાય જુદો જ છું.

❀ બહારના ઉદય આવે તે પોતાનું સ્વરૂપ નથી. તેમાં શાંતિ રાખવી. ગુરુદેવશ્રીએ કહ્યું તે તત્ત્વના વિચારો કરવા, આત્માનું સ્વરૂપ વિચારવું ને દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખવા. હું જ્ઞાયક છું. રોગ જુદો ને હું જુદો. આકુળતા થાય, પણ હું તો આત્મા છું. આ રોગ મારું સ્વરૂપ નથી, એમ વિચારી શાંતિ રાખવી અને વારંવાર જ્ઞાયક આત્માને યાદ કરવો. રોગ તો શરીરમાં આવ્યા કરે, તે આત્મામાં આવતો નથી. તે કાંઈ આત્માનું સ્વરૂપ નથી. બધા ઉદય આવે, પણ આત્મા તો જુદો જ છે—આમ ગુરુદેવે કહ્યું તે વાક્યો યાદ કરવાં.

❀ સનતકુમાર ચક્રવર્તીને પણ રોગ થયો હતો. તેઓ મુનિ થયા ને અંદર આત્મામાં લીન રહેતા હતા. દેવોએ કહ્યું કે રોગ મટાડી દઉં ? પોતાને લબ્ધિ હતી કે થૂંક ચોપડે તો રોગ મટે, તો પણ તેમ ન કર્યું. રોગ તો ગમે તેને આવે. ઉદય તો ઉદયનું કામ કરે, હું તો જ્ઞાયક જાણનારો જુદો છું.

❀ મુમુક્ષ :—સત્સંગની ઇચ્છા રહે છે પણ બહાર જઈ શકાતું નથી, મૂંઝવણ થઈ જાય છે.

બહેનશ્રી :—ઘરમાં બેઠાં જે થાય તે કરવું. ઘરમાં બેઠાં-બેઠાં પણ થઈ શકે છે. સત્સંગ કરવાની—સાંભળવાની ઇચ્છા થાય, પણ તે ન બને તો ઘરમાં બેઠાં પણ થાય છે—ભાવ સારા રાખી શકાય છે. વાંચન આદિ જે થાય તે કરવું. શરીર કામ ન કરે ત્યાં શું થાય ? ઘરમાં બેઠાં કરવું. દેવ-શાસ્ત્ર-ગુરુના સાન્નિધ્યમાં આવવાની ઇચ્છા થાય, પણ ન જવાય ત્યાં શું થાય ! અંદર આત્મામાં સારા વિચારો કરવા, મૂંઝાઈ જવાય તો વારંવાર વિચારો ફેરવવા, અને શાંતિ રાખવી.

❀ ગુરુદેવશ્રીએ દેશના આપી અને જ્ઞાયકના જે સંસ્કાર પડ્યા તે અંદરથી છૂટતા નથી. પોતાની ભાવના હોય અને તે તરફ પોતાની પરિણતિ જાતી હોય—તેને ઇચ્છતો હોય—તો તે પ્રગટ થયા વગર રહે નહિ. પોતે જ છે, કોઈ બીજો નથી. પરદ્રવ્યની ઇચ્છા હોય તો તે પોતાના હાથની વાત નથી, પણ આ તો સ્વદ્રવ્ય પોતે જ છે. પોતે જ સ્વદ્રવ્યને ઇચ્છતો હોય તો તે પ્રગટ થયા વગર રહે જ નહિ. એક શુભભાવ આવે તેનાં એવાં પુણ્ય બંધાય છે કે તેનાથી જે પર છે—બહાર છે એવા દેવ-શાસ્ત્ર-ગુરુ પણ મળી આવે છે, તો પછી અંતરની સાચી ભાવના હોય તો જ્ઞાયકદેવ કેમ મળી ન આવે !!

❀ જ્ઞાની શુભરાગમાં જોડાય છે, ત્યારે પણ ભેદજ્ઞાન વર્તે છે. પોતાના પુરુષાર્થની નબળાઈને લઈને રાગમાં જોડાઈ જવાય છે, અર્થાત્ અંદર લીન નથી થવાતું એટલે શુભરાગમાં જોડાય છે. પણ તે શુભરાગ આવે છે તેની સાથે સાથે ભેદજ્ઞાનની ધારા વર્તે છે, તેથી જ્ઞાયક જુદો રહે છે. જ્ઞાની શુભરાગમાં એવો તન્મય નથી થતો કે જ્ઞાયકને ભૂલી જાય. જ્ઞાયકપણે જુદો રહીને શુભરાગ આવે છે. આ શુભરાગ આવે છે, પણ હું તો જુદો જ છું. તે વિભાવ તરફનો ભાગ છે અને મારા જ્ઞાયકનો ભાગ—મારા સ્વઘરનો ભાગ—તેનાથી જુદો છે. આ શુભરાગ વિભાવનું ઘર છે, તે મારાથી જુદું છે—એમ જ્ઞાનીને બરાબર જ્ઞાન છે માટે રાગથી જુદો રહે

છે, એકત્વ થતો નથી ને આકુળ-વ્યાકુળ પણ થતો નથી. તેને બીજાં કરતાં ઉત્સાહ ઘણો દેખાય, પણ અંતરમાં જુદો જ રહે છે. તેમાં એવો એકત્વ અને તન્મય થતો નથી કે પોતાને ભૂલી જાય. જુદો રહે છે, છતાં હું જુદો—હું જુદો એમ ઘડીએ ઘડીએ વિકલ્પ નથી કરતો, પણ તેની ધારા જ જુદી વર્તે છે.

❀ આત્માનું જેને પ્રયોજન સાધવું છે તે અમુક જાતની મર્યાદા બહાર જાતો જ નથી. તેને વિભાવ પરિણતિ જોતી જ નથી. જેનું પ્રયોજન આત્મા સાધવો છે, જેને આત્માની લગની લાગી છે તે આત્માર્થી, તેને વિભાવ પરિણતિનું એકત્વપણું હજી છૂટ્યું નથી તો પણ, મર્યાદા બહાર જતો જ નથી. અને તો જ આત્માને સાધી શકે છે, આત્મા મળે છે. નહિ તો આત્મા ક્યાંથી મળે ? આત્માનું પ્રયોજન ન હોય તો તેને આત્મા ક્યાંથી મળે ? અમુક પાત્રતા તો હોવી જ જોઈએ. બધાએ વિચારો ફેરવીને શાંતિ રાખવી.

❀ પોતે પુરુષાર્થ કરીને કરે તો રુચિ વૃદ્ધિગત થાય. પોતાને કરવાનું રહે છે. તેને બીજે ક્યાંય વિશ્રાંતિ કે શાંતિ લાગે નહિ તો આત્મા તરફ વળ્યા વિના રહે નહિ. અશુભ ભાવમાં તો વિશ્રાંતિ નથી, પણ શુભભાવોમાં પણ વિશ્રાંતિ નથી, તે આકુળતારૂપ છે એમ ક્યાંય વિશ્રાંતિ ન લાગે તો વિશ્રામસ્થાન આત્મા છે તેના તરફ વળ્યા વગર રહે નહિ. પણ તે ચારેકોર બહારમાં અટકી જાય છે, એટલે અંદર જતાં તેને મુશ્કેલી પડે છે.

❀ શુભભાવમાં અજ્ઞાનીને શાંતિ લાગે એટલે તેમાં રોકાઈ જાય છે, પણ તે વાસ્તવિક શાંતિ છે જ નહિ. અંદર સૂક્ષ્મતાથી વિચાર કરે તો એક પછી એક વિકલ્પની ઘટમાળ ચાલે છે તેમાં અશાંતિ છે, સુખ નથી. સુખ તેનું નામ કે જે સહજપણે અંતરમાંથી પ્રગટ્યા જ કરે. તે કાંઈ કૃત્રિમપણે લાવવું ન પડે, પણ અંદર સહજ તત્ત્વમાં છે તેમાંથી આવ્યા જ કરે. જેમ બરફમાંથી ઠંડક તેની મેળાએ આવ્યા જ કરે છે તેમ પોતામાંથી શાંતિ—આનંદ આવ્યા જ કરે છે, લાવવા પડતા નથી.

❀ મુનિરાજ વારંવાર અંદર સ્વરૂપમાં આનંદ કરતા હોય છે. તેઓ જંગલમાં વસતા હોય છે છતાં જંગલ સંબંધી કાંઈ લક્ષ હોતું નથી, એક આત્માને જ દેખે છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલનારા અને અંતર્મુહૂર્તે અંદર સ્વરૂપમાં જનારા મુનિરાજ એકલા ચૈતન્યમય જ છે. ચૈતન્યમાં જ નિવાસ કરનારા એવા

તેમને આહારનું કે બહારનું કાંઈ લક્ષ જ નથી. તેમ જ શરીર તરફનું પણ કાંઈ લક્ષ નથી. એક ચૈતન્યમય જ તેઓ બની ગયા છે. એક કેવળજ્ઞાન નથી થયું એટલું જ છે, બાકી ચૈતન્યમય જ થઈ ગયા છે. નિદ્રા પણ અલ્પ થઈ ગઈ છે. તેમનું જીવન નિરંતર ચૈતન્યમય જ થઈ ગયું છે. જેમ ભગવાન સદા જાગૃત છે તેમ મુનિરાજને જાગૃતમય દશા થઈ ગઈ છે. જાગૃત રહેતાં રહેતાં, અર્થાત્ ચૈતન્યમય રહેતાં રહેતાં શ્રેણી માંડીને શાશ્વત એવી કેવળજ્ઞાનદશા પ્રાપ્ત કરે છે. પછી ચૈતન્યમાંથી બહાર આવતા જ નથી. મુનિદશામાં બહાર આવે અને અંદર જાય, છતાં જીવન ચૈતન્યમય જ છે, તેમનો ચૈતન્યમાં જ નિવાસ છે, તે જ રહેઠાણ છે. આસન પણ તે છે ને ભોજન પણ તે છે.—બધું એક આત્મામય જ છે. તેમને બહારના ભોજનની પણ પડી નથી, અને તેથી કેટલા નિયમ સહિત બહાર ભોજન લેવા જાય છે ! કે આવી રીતે ભોજન મળે તો લેવું, નહિ તો ભોજન ન લેવું. આમ ભોજન તરફ લક્ષ નથી. તથા ઉપસર્ગ-પરીષહ આવતાં શરીરને ગમે તે થાય તો પણ તેનું ધ્યાન જ નથી. આવી મુનિરાજની અલૌકિક દશા છે. બહારની ક્રિયાનો વિકલ્પ—શુભભાવ આવે, બાકી એકલું આત્મામય જ જીવન છે.

❀ અંદરસે શ્રદ્ધા કરના કિ મૈં રાગસે ભિન્ન હૂં. રાગસે એકત્વબુદ્ધિ ચલ રહી હૈ ઉનકો તોડના, તોડનેકા અભ્યાસ કરના. પીછે ઉનકો રટના નહીં પડતા. એકત્વબુદ્ધિ હો રહી હૈ કિ મૈં શરીર હૂં, મૈં વિકલ્પ હૂં. ઐસી એકત્વબુદ્ધિ નિરંતર ચલતી હૈ ઉનકો તોડનેકા અભ્યાસ કરના.

❀ પહલે તો યથાર્થ જ્ઞાન કરના કિ જ્ઞાયક કૈસા હૈ ? દ્રવ્ય કૈસા હૈ ? ગુણ કૈસા હૈ ? પર્યાય કૈસી હૈ ? યહ વર્ણ-ગંધ-સ્પર્શ હૈ, વહ પુદ્‌ગલ દ્રવ્ય હૈ, યે અલગ હૈ ઔર મૈં ચૈતન્યદ્રવ્ય અલગ હૂં, ઐસે પહલે યથાર્થ જ્ઞાન કરના, પીછે યથાર્થ ધ્યાન હોતા હૈ. મૈં ચૈતન્ય હૂં. ઉસકા અસ્તિત્વ ગ્રહણ કરનેકે બાદ ધ્યાન હોતા હૈ. યથાર્થ જ્ઞાન હુએ બિના યથાર્થ ધ્યાન હોતા હી નહીં. પહલે યથાર્થ જ્ઞાન કરના. જો ગુરુદેવને માર્ગ બતાયા હૈ ઉસકા યથાર્થ જ્ઞાન કરના. કૈસા મુક્તિકા માર્ગ હૈ ? કૈસે વહ મિલતા હૈ ? કૈસા સ્વભાવ હૈ ? કૈસે મૈં નિર્મલ હૂં ? યે વિભાવ ક્યા હૈ ? મોક્ષસ્વરૂપ આત્મા કૈસા હૈ ? યહ સબ પહલે પીછાન કરકે પીછે ધ્યાન કરના, તો ધ્યાન યથાર્થ જમતા હૈ. જ્ઞાન વિના ધ્યાન જમતા નહીં હૈ.



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




**દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગનું સેવન : વ્યવહાર;**
**અભેદ એક જ્ઞાયકભાવનું સેવન : નિશ્ચય.**

દર્શન, વળી નિત્ય જ્ઞાન ને ચારિત્ર સાધુ સેવવાં,
પણ એ ત્રણે આત્મા જ કેવળ જાણ નિશ્ચય દૃષ્ટિમાં. ૧૬.

સાધુ પુરુષે નિશ્ચય સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્ર સદા સેવવા યોગ્ય છે. અર્થાત્ જે નિત્ય સમ્યક્ રત્નત્રયને આરાધે છે, સેવન કરે છે તે સાધુ છે. જે પંચમહાવ્રતાદિનું જ માત્ર સેવન કરે છે તે સાધુ છે એમ નથી કહ્યું; પણ નિશ્ચય રત્નત્રયને નિત્ય આરાધે છે તે સાધુ છે એમ કહ્યું છે.

ખરેખર તો અહીં, રત્નત્રયને સેવવાં તે વ્યવહારનું કથન છે એમ કહ્યું છે. સમ્યક્-દર્શન-જ્ઞાન-ચારિત્ર—એમ ત્રણ ભેદ પડવાથી અનેકરૂપતા થાય છે. ત્રણેયના સ્વભાવ ભિન્ન-ભિન્ન છે ને ભગવાન આત્મા તો અભેદ એકરૂપ છે. તેથી એકરૂપ ચૈતન્ય જ્ઞાયકભાવમાં સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્ર એવા ત્રણ ભેદ પાડવા તે વ્યવહાર થયો, અને અભેદ એકસ્વરૂપી આત્માનું સેવન કરો—એ નિશ્ચયનું કથન થયું. એકરૂપ આત્માનું સેવન કરતાં તેમાં આવી જાય છે. છતાં સમ્યક્ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ ભેદરૂપ હોવાથી આશ્રય કરવા લાયક નથી. ત્રણના ભેદ પાડીને સેવન થતું નથી, પરંતુ વ્યવહારથી એમ કથન કરવામાં આવ્યું છે કે દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગનું સેવન કરો.

જુઓ, વ્યવહારની તો અહીં વાત જ લીધી નથી, કારણ કે તે કાંઈ શ્રદ્ધા, જ્ઞાન કે ચારિત્રગુણની નિર્મળ પર્યાય નથી પણ શુભરાગ જ માત્ર છે. તેથી રાગની વાત—વ્યવહાર રત્નત્રયની વાત જ લીધી નથી. અહીં તો નીરાગ વાસ્તવિક રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ—કે જે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય છે, તેનું સેવન કરો—એવા કથનને

**આકાશ તે નથી જ્ઞાન, એ આકાશ કંઈ જાણે નહીં,**
**તે કારણે આકાશ જુદું, જ્ઞાન જુદું—જિન કહે; ૪૦૧.** **–શ્રી સમયસાર**

પણ વ્યવહારનું કથન કહ્યું છે. કારણ કે ત્રિકાળી જ્ઞાયકભાવ તો એક સ્વરૂપે છે, અભેદ છે. તેને દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ કહેતાં અનેકગણું એટલે કે ભેદ ઊભો થાય છે, માટે તે વ્યવહાર થયો.

આ આત્મા પોતે જ સાધ્ય ને સાધકભાવે પરિણમે છે અર્થાત્ નિશ્ચય મોક્ષમાર્ગરૂપ અપૂર્ણદશા તે સાધકભાવ અને મોક્ષરૂપ પૂર્ણદશા તે સાધ્યભાવ—તે રૂપે આત્મા પોતે જ પરિણમે છે, તેથી વ્યવહારથી એમ પ્રતિપાદન કરવામાં આવે છે કે સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રને નિત્ય સેવો તોપણ, પરમાર્થદૃષ્ટિથી જોતાં દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેય એક આત્મા જ છે, કારણ કે ત્રિકાળી જ્ઞાયકભાવ એકરૂપ રહ્યો છે, તેમાં દર્શન-જ્ઞાન-ચારિત્રના ભેદ નથી ને ભેદ પાડીને આત્માને દેખે છે ત્યાં સુધી એકાકાર આત્માનો અનુભવ થતો નથી.

બીજી રીતે કહીએ તો દર્શન-જ્ઞાન-ચારિત્ર ને આત્માના સ્વભાવને ઉલ્લંઘતા નથી તેથી તેઓ આત્મા જ છે, કાંઈ અન્ય વસ્તુ નથી. પરંતુ જ્યાં સુધી દર્શન-જ્ઞાન-ચારિત્રવાળો આત્મા—એમ ભેદદૃષ્ટિથી આત્માનું સેવન કરવામાં આવે ત્યાં સુધી અભેદ એકરૂપ અખંડ જ્ઞાયકભાવની દૃષ્ટિ થતી નથી, કારણ કે અભેદ વસ્તુના એવા ગુણભેદો નથી.

વળી મોક્ષમાર્ગ પોતે પર્યાય છે તથા તે ત્રણ ભિન્ન-ભિન્ન ગુણોની નિર્મળ પર્યાય હોવાથી ભિન્ન-ભિન્ન સ્વભાવી છે, તેથી મોક્ષમાર્ગ અનેક સ્વરૂપ છે, અનેકાકાર છે માટે તેનું સેવન કહેવું તે વ્યવહારનું કથન થયું. ભગવાન આત્મા તો અભેદ અખંડ એકાકાર હોવાથી તેનું સેવન કહેવું તે નિશ્ચયનું કથન થયું.

ખરેખર તો એકાકાર અખંડ જ્ઞાયકભાવનું સેવન કરે ત્યારે જ મોક્ષમાર્ગની પર્યાય પ્રગટે છે. તે પહેલાં મોક્ષમાર્ગની પર્યાય જ પ્રગટતી નથી, તો તેનું સેવન શી રીતે કરે ? અભેદ આત્માના સેવનથી મોક્ષમાર્ગની પર્યાય પ્રગટે છે તેથી વ્યવહારથી એમ ઉપદેશ કરવામાં આવે છે કે મોક્ષમાર્ગનું સેવન કરો. પરમાર્થદૃષ્ટિથી જોતાં મોક્ષમાર્ગરૂપ પર્યાય પણ આશ્રય કરવાલાયક નથી. એક માત્ર અખંડ, અભેદ, એકસ્વભાવી આત્મા જ પરમાર્થે સેવવા યોગ્ય છે.

એ જ વાતની વિશેષ દૃઢતા કળશ ૧૬, ૧૭ તથા ૧૮માં કરાવી છે.

શુદ્ધદ્રવ્યાર્થિકનયથી જોવામાં આવે તો એટલે કે જેનો વિષય શુદ્ધદ્રવ્ય છે એવા

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૫ ઉપર)

**નહિ જ્ઞાન અધ્યવસાન છે, જેથી અચેતન તેહ છે,**
**તે કારણે છે જ્ઞાન જુદું, જુદું અધ્યવસાન છે. ૪૦૨.**　　**–શ્રી સમયસાર**




## શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(તા. ૯-૫-૪૪, મંગળવાર) વ્યાખ્યાન નં. ૧૯
(ગાથા ૧૮)

૪—ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી જીવ દૂરક્ષેત્રવર્તી એવાં ઘર, વસ્ત્ર વગેરેનો કર્તા છે. (વ્યવહાર એટલે પરાશ્રયદૃષ્ટિથી આરોપ, કલ્પના) પોતાથી પ્રત્યક્ષ દૂર ક્ષેત્રે રહેલી વસ્તુઓમાં લક્ષ કરીને કર્તા-ભોક્તાપણાની કલ્પના જીવ કરે છે. શરીર અને કર્મ તો આત્માની નજીક રહેલાં છે તેથી ત્યાં 'અનુપચરિત વ્યવહાર' કહ્યો હતો, અને ક્ષેત્રથી પણ દૂર છે એવી વસ્તુનું કર્તાપણું 'ઉપચરિત વ્યવહાર' નયથી છે. (જ્યારે ઘર ચણાતું હોય ત્યારે ઘર ચણવાના વિકલ્પવાળો જીવ જ ત્યાં નિમિત્તરૂપ હોય, બીજો ન હોય—એવો સંબંધ જાણીને તે જીવમાં જ કર્તાપણાનો આરોપ કર્યો.) પરવસ્તુ દૂર છે માટે ઉપચરિત, આત્મામાં ખરેખર તે વસ્તુનું કર્તાપણું નથી માટે અસદ્‌ભૂત અને સાચા જ્ઞાનપૂર્વક પરાશ્રયલક્ષના આરોપથી કથન છે માટે વ્યવહારનય; આ રીતે આત્માને જુદી વસ્તુઓના કર્તાપણાનો ઉપચાર કરવો તે ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનય છે. જુદી વસ્તુઓ કહેતાં છોકરાં, પૈસા, દેશ, મકાન વગેરે સર્વ આવી ગયાં. 'છોકરાંને મેં પાળીને મોટો કર્યો, દેશની વ્યવસ્થા મેં કરી' એમ જે ખરેખર માની લ્યે તે મિથ્યાદૃષ્ટિ જ છે, પરંતુ પોતાને છોકરા તરફનો રાગભાવ હતો તેને જાણીને, તથા છોકરો મારાથી જુદી વસ્તુ છે, હું તેનું કાંઈ કરી શકું નહિ એવા પરમાર્થનું જ્ઞાન કરીને, જ્ઞાની પણ ઉપચારથી કહે કે—મેં છોકરાને મોટો કર્યો; પરંતુ ખરેખર જ્ઞાની તેમ માને નહિ. ઉપચારનું જે કથન છે તે તો પોતાનો રાગભાવ અને સામી વસ્તુની અવસ્થાનું જ્ઞાન કરવા માટે છે, અને તેનું જ્ઞાન કરવું તે વ્યવહારનય છે. નિશ્ચયથી તો કોઈ કોઈને સાચવી જ શકતું નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈપણ કરે એ વાત જ જૈનધર્મને માન્ય નથી એટલે કે પરમ સત્યમાં તે વાતનો સ્વીકાર નથી. પરદ્રવ્યનું જીવ કરે એમ માનવું તે કલ્પના છે—અસત્ય છે. રજકણોની અવસ્થા તેની મેળે બદલે છે, રજકણોની અવસ્થા બદલતી હોય ત્યારે જીવ હાજર હોય તે ખરેખર તો જ્ઞાન જ કરે છે, ત્યાં 'મેં પરમાણુની અવસ્થા કરી' એમ જે ભ્રમથી માને છે તે મિથ્યાત્વી છે.

> **રે! સર્વદા જાણે જ તેથી જીવ જ્ઞાયક જ્ઞાની છે,**
> **ને જ્ઞાન છે જ્ઞાયકથી અવ્યતિરિક્ત ઇમ જ્ઞાતવ્ય છે. ૪૦૩.**　　**—શ્રી સમયસાર**

પરમાણુ સ્વતંત્ર વસ્તુ છે. દરેક વસ્તુમાં દ્રવ્યત્વ નામની ત્રિકાળી શક્તિ છે તે શક્તિથી પરમાણુમાં સ્વતંત્રપણે અવસ્થા બદલવાની તાકાત છે, અવસ્થા બદલતાં બદલતાં તે પોતાની મેળે મકાન વગેરે અવસ્થારૂપે થાય છે, કડિયાએ મકાન બનાવ્યું નથી તેમ જ કોઈ ઈશ્વર તેનો કર્તા નથી. પરંતુ જ્યારે પરમાણુ મકાનરૂપે પરિણમે છે ત્યારે ત્યાં તે તરફના લક્ષવાળો જીવ નિમિત્તરૂપ હોય છે—એવા નિમિત્ત-નૈમિત્તિક સંબંધને જ્ઞાની જાણે છે ત્યાં ઉપચારથી અસદ્‌ભૂતવ્યવહારે જીવ મકાનનો કર્તા છે; જ્ઞાની જાણે છે કે આ ઉપચાર માત્ર છે એટલે તેને ''ખરેખર જીવ પુદ્‌ગલનું કરી શકે'' એવો ભ્રમ પડતો નથી.

ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવ વસ્તુની સ્વતંત્રતા બતાવે છે. કોઈ અનાદિ શુદ્ધ ઈશ્વર આ બધું કરે છે એમ નથી; સંસારી આત્મા પોતે જ અજ્ઞાનથી પોતાની જુદી જુદી મલિન રાગાદિરૂપ અવસ્થા કરે છે અને હર્ષ-શોકને ભોગવે છે, તે રાગાદિનો કર્તા પણ અશુદ્ધનિશ્ચયથી છે, ખરેખર (શુદ્ધનિશ્ચયથી) તો આત્મા રાગાદિનો કર્તા-ભોક્તા પણ નથી. પરદ્રવ્ય—શરીર તથા કર્મ વગેરે જડ વસ્તુઓના કર્તા-ભોક્તાપણાના ઉપચારની વાત તો દૂર રહી, અહીં તો આત્મામાં થતા ક્ષણિક વિકારભાવનો કર્તા-ભોક્તા પણ શુદ્ધનિશ્ચયથી નથી—એમ કહે છે.

૫—શુદ્ધનિશ્ચયથી આત્મા પોતાના શુદ્ધ સ્વભાવભાવનો કર્તા-ભોક્તા છે. શુદ્ધનિશ્ચયથી એટલે કે આત્માનો સ્વભાવ નિર્મળ આનંદમૂર્તિ પવિત્ર જ્ઞાતાસ્વરૂપ વીતરાગ છે તે સ્વભાવને જોનારી દૃષ્ટિએ જુઓ તો આત્મા પોતાના શુદ્ધસ્વભાવભાવનો કર્તા છે. અહીં 'સ્વભાવભાવ' એમ કહીને દ્રવ્ય-પર્યાયનું અભેદપણું-નિરપેક્ષપણું બતાવ્યું છે.

૬—અંતર સ્વભાવના નિર્મળ લક્ષે જે દશા પ્રગટે તે કેવળજ્ઞાનાદિ દશાનો કર્તા-ભોક્તા પણ શુદ્ધસદ્‌ભૂત વ્યવહારે છે, નિશ્ચયથી તો કેવળજ્ઞાનાદિ દશાનો કર્તાભોક્તા પણ નથી કેમકે તેમાં પણ ભેદ પડે છે. અવસ્થાને ભોગવવી અને આત્મા ભોગવનાર એમ જાણતાં પણ બે ભેદ પડે છે તેથી તે વ્યવહારનય છે. શુદ્ધ-નિર્મળ પર્યાય પ્રગટે તેનો કર્તા-ભોક્તા તે પણ સદ્‌ભૂત વ્યવહાર! આ વાત દરેક આત્માના અંતરસ્વરૂપની છે. આત્મા રાગાદિનો કર્તા-ભોક્તા છે તે કર્તાપણું તો નિશ્ચયથી અજ્ઞાનભાવમાં જાય છે, પણ

**સમ્યક્ત્વ, ને સંયમ, તથા પૂર્વાંગગત સૂત્રો, અને**
**ધર્માધરમ, દીક્ષા વળી, બુધ પુરુષ માને જ્ઞાનને. ૪૦૪. –શ્રી સમયસાર**

આત્મા નિર્મળ આનંદદશાનો કર્તા-ભોક્તા છે એમ જાણવું ત્યાં પણ ભેદ આવતા હોવાથી, તે સદ્ભૂતવ્યવહાર છે. ત્રિકાળ સ્વભાવદૃષ્ટિમાં કર્તા-ભોક્તાપણું નથી, કેમકે સ્વભાવદૃષ્ટિમાં તો એક અખંડ દ્રવ્ય છે; દ્રવ્યપર્યાયના ભેદ પણ સ્વભાવદૃષ્ટિમાં નથી. મોક્ષદશા પણ એક સમય પૂરતી છે; તે સમય સમય ટકીને બદલતાં ભલે અનંત કાળ એવી ને એવી એક સરખી રહે છતાં તે ત્રિકાળ એકરૂપ નથી. ત્રિકાળ એકરૂપ સ્વભાવ તે નિશ્ચય છે, તેમાં કોઈ ભેદ નથી. એક સમય પૂરતી અવસ્થાનો ભેદ જાણવો તે વ્યવહાર છે; આત્માના અસલી સ્વરૂપમાં ભેદ ન પડે; એ અસલી સ્વરૂપનું જ્ઞાન કરવું તે શુદ્ધ નિશ્ચય છે.

આત્માનો સ્વભાવ ત્રિકાળ એકરૂપ છે; સંસારદશા હો કે સિદ્ધદશા હો પણ બન્ને દશામાં આત્માનો નિશ્ચયથી સ્વભાવ તો એક સરખો જ છે. મોક્ષ કે મોક્ષમાર્ગનો અનુભવ તે વ્યવહાર છે; આત્મામાં રાગાદિ વિકાર કાયમ રહેતો નથી; પણ રાગાદિ વિકાર આત્માની અવસ્થામાં થાય છે માટે તેનો કર્તા નિશ્ચયથી છે અને તે રાગાદિ મલિન ભાવો હોવાથી તેને અશુદ્ધનિશ્ચય કહ્યો છે. અશાંતિ ક્ષણિક છે—તે ટળી જાય છે, અને આત્મા તો પરમાનંદમૂર્તિ ત્રિકાળ શાંતિસ્વરૂપ છે. અશાંતિ ટળે છે માટે તે ક્ષણિક છે અને અશાંતિ ટાળનારો શાંતસ્વભાવ ત્રિકાળ છે.

આત્મા માંદો પડે નહિ. શરીર નબળું પડે તેના કારણે આત્માને અશાંતિ થતી નથી. ઘરના બધા માણસો માંદા હોય અને બીજું કોઈ સંભાળ કરનાર ન હોય, ત્યારે મમતાને લીધે ચિંતા કર્યા કરે અને આકુળતા—અશાંતિનું વેદન કરે છે, પણ પોતાના શરીરને અસાધ્ય રોગ થશે ત્યારે શું કરશે? શરીરમાં રોગ જાણે. જો સ્વરૂપનું ભાન નહિ હોય તો સ્વરૂપની શાંતિ નહિ આવે, અને જો સ્વરૂપનું ભાન કર્યું હશે તો શરીરનો રોગ અસાધ્ય થાય તોય શેની ચિંતા? શાંતસ્વરૂપમાં એકાગ્ર થઈને શાંતિ ભોગવશે.

આત્માનો સ્વભાવ ત્રિકાળ દૃષ્ટિએ વિકારરહિત છે છતાં વર્તમાન અવસ્થામાં રાગાદિથી લેપાયેલો છે; જો અવસ્થામાં વર્તમાન પૂરતી મલિનતા ન જ હોય તો સમજવું અને સમજાવવું એ કાંઈ ન હોય. અવસ્થામાં મલિનતા છે પણ તે આત્માનું સ્વરૂપ નથી તેથી તે ટાળવાનો ઉપાય બતાવાય છે. વર્તમાન દુઃખ છે તે ટાળવાનો ઉપાય હશે કે નહિ? જો ઉપાય ન હોય તો શું આત્માને આમ રખડ્યા જ કરવાનું અને દુઃખ જ

**એમ આતમા જેનો અમૂર્તિક તે નથી આ'રક ખરે,**
**પુદ્ગલમયી છે આ'ર તેથી આ'ર તો મૂર્તિક ખરે. ૪૦૫.** **–શ્રી સમયસાર**

ભોગવવાનાં? એમ તો હોઈ શકે નહિ. દુ:ખ ટાળવાનો ઉપાય છે, અને તે ઉપાયથી દુ:ખ ટાળીને સુખ પ્રગટે છે. પરમ ગુરુઓની સેવા એટલે કે પરમ ગુરુઓએ કહેલા યથાર્થ આત્મસ્વરૂપની સમજણ તે જ દુ:ખ ટાળવાનો ઉપાય છે એમ ટીકાકાર શ્રી પદ્મપ્રભમલધારીદેવ કહે છે :—

(માલિની)

**अपि च सकलरागद्वेषमोहात्मको यः**
**परमगुरुपदाब्जद्वन्द्वसेवाप्रसादात्।**
**सहजसमयसारं निर्विकल्पं हि बुद्ध्वा**
**स भवति परमश्रीकामिनीकान्तकान्तः॥२१॥**

સેવા એટલે પગ દાબવા એ નહિ, પણ તેમની આજ્ઞા માનવી, કહે તેમ કરવું એટલે કે જે આત્મસ્વરૂપ તેઓ સમજાવે તે સમજવું તેનું નામ સેવા છે. ગુરુના નામની માળા જપે કે ગુરુ પાસે ઊઠ—બેસ કરે પણ તેઓ શું કહે છે તે સમજે નહિ તો તે સેવા કહેવાય નહિ. 'પરમ ગુરુની સેવા' કહેતાં તેમાં સાચા ગુરુની ઓળખાણ અને તેમનો સમાગમ કરવાનું આવ્યું. જેને—તેને ગુરુ માની જ્યાં—ત્યાં ભટકે છે તેને બદલે સાચા ગુરુને ઓળખી તેમની સમીપમાં રહેવું. પ્રત્યક્ષ ગુરુનો યોગ ન હોય તો આત્મામાં સમીપ રહેવું—સત્નું લક્ષ છોડવું નહિ.

શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે—

'સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી.' સત્સમાગમે સત્-અસત્નો વિવેક કર્યા વગર સાચી ઓળખાણ થાય નહિ. પરમ ગુરુના ચરણકમળની સેવા-તેનો અર્થ ગુરુના પગ ઝાલીને બેસી રહેવું તેમ નથી, પણ તેમની આજ્ઞાની સાચી સમજણ અને શ્રદ્ધા કરવી તે સેવા છે. ક્ષેત્રથી નજીક આવ્યો માટે સત્સમાગમ કહેવાય—એમ નહિ. પણ તેમના ભાવની સમીપ જવું તે સત્સમાગમ છે.

સંસારમાં પણ જેમ બાપ કરે તેમ દીકરો કરે તો તેને બાપની સેવા કરી કહેવાય છે. જેમ બાપ દગા-પ્રપંચ કરીને વેપાર કરતો હોય, અને છોકરો જો તે દગો-પ્રપંચ ન શીખે તો તેને નમાલો કહે અને જો બાપ કરતાં સવાયા દગા-પ્રપંચ કરે તો તેને હોશિયાર

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૬ ઉપર)

**જે દ્રવ્ય છે પર તેહને ન ગ્રહી, ન છોડી શકાય છે,**
**એવો જ તેનો ગુણ કો પ્રાયોગી ને વૈસ્રસિક છે. ૪૦૬. –શ્રી સમયસાર**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

**सिद्धा संता अणंता सिद्धाहिंतो अणंतगुणगुणिया ।**
**होंति णिगोदा जीवा भागमणंतं अभव्वा य ।।१५०।।**

**सम्मुच्छिया हु मणुया सेढियसंखिज्ज्भागमित्ता हु ।**
**गब्भजमणुया सव्वे संखिज्ञा होंति णियमेण ।।१५१।।**

અર્થ :—સિદ્ધજીવ અનંતા છે, સિદ્ધોથી અનંતગુણા નિગોદજીવ છે તથા સિદ્ધોથી અનંતમા ભાગે અભવ્યજીવો છે.

અર્થ :—સમ્મૂર્ચ્છનમનુષ્ય, જગતશ્રેણિના અસંખ્યાતમા ભાગમાત્ર છે અને સર્વ ગર્ભજમનુષ્ય નિયમથી સંખ્યાતા જ છે.

સિદ્ધ ભગવાન, લોકના અગ્રભાગમાં બિરાજમાન છે. ત્યાં કોઈ પત્થરના મકાન આદિ નથી. ત્યાં તો તે આત્માના પૂર્ણ જ્ઞાન અને આનંદમાં લીન છે. તે જ સુખ છે, આનાથી વિશેષ બાહ્યમાં મોટર-બંગલા આદિમાં કાંઈ સુખ નથી. જેણે આત્માના સુખ માટે પરની આવશ્યકતા માની છે, તેને ભગવાનના અતીન્દ્રિય આનંદના સુખની પ્રતીતિ નથી. આવા જીવોને મોક્ષતત્ત્વ શું છે તેની ખબર નથી. આચાર્ય કુંદકુંદદેવ તો કહે છે કે જે જીવ આત્માના અતીન્દ્રિય સુખને માનતો નથી તે જીવ અભવ્ય જેવો મિથ્યાદૃષ્ટિ છે અને તે ઘોર સંસારમાં રખડે છે. જગતમાં સિદ્ધ જીવોથી અભવ્ય જીવ અનંતમાં ભાગે છે, સિદ્ધથી નિગોદના જીવ અનંતગુણા છે, પરંતુ અભવ્ય જીવ સિદ્ધોથી અનંતમાં ભાગે છે.

જુઓ ! સિદ્ધ, નિગોદ અને અભવ્ય—આ બધા આત્માના જ્ઞાનમાં જ્ઞેય છે. જગતમાં સિદ્ધ અનાદિથી છે. અભવ્ય જીવ અનાદિથી છે. તે જીવ અભવ્ય કેમ છે ? તેનું કોઈ કારણ નથી. કોઈ કહે છે કે અરેરે ! બિચારા અભવ્ય જીવ કદી પણ મોક્ષ પામશે નહીં, એમ કેમ ? તો તેઓ વસ્તુસ્વરૂપ જાણતા નથી. અભવ્ય પ્રતિ દયા આવે, એવું જીવનું સ્વરૂપ જ નથી. પરંતુ અભવ્ય જીવ છે તે પણ જ્ઞાનમાં જ્ઞેય છે. જેમ જગતમાં

**તેથી ખરે જે શુદ્ધ આત્મા તે નહીં કંઈ પણ ગ્રહે,**
**છોડે નહીં વળી કાંઈ પણ જીવ ને અજીવ દ્રવ્યો વિષે. ૪૦૭. —શ્રી સમયસાર**

જડ છે, તે તેનો સ્વભાવ છે. તેમ અભવ્ય જીવ છે, તે પણ તેનો સ્વભાવ છે અને તારા જ્ઞાનમાં તેને જાણવાનો સ્વભાવ છે. જેમ જડ અને ચેતન અનાદિથી છે, તેમ ભવ્ય-અભવ્ય પણ અનાદિથી જગતમાં છે તે તારા જ્ઞાનમાં જ્ઞેય છે—એમ જાણીને તું નિજાત્માની પ્રતીતિ કરી પોતાની મુક્તિ પ્રાપ્ત કરી લે.

મનુષ્ય અઢીદ્વીપમાં જ હોય છે. તેમાં ગર્ભજ મનુષ્ય સંખ્યાત જ છે એટલે બીજા જીવોની સરખામણીમાં તે ખૂબ જ અલ્પ પ્રમાણમાં છે. આવો દુર્લભ મનુષ્ય અવતાર પ્રાપ્ત કરીને આ જીવને આત્માની દરકાર નથી તે એક મોટું આશ્ચર્ય છે !

હવે સાન્તર અને નિરન્તર (ના નિયમને) કહે છે :—

**देवा वि णारया वि य लद्धियपुण्णा हु संतरा होंति ।**
**सम्मुछिया वि मणुया सेसा सव्वे णिरंतरया ।।१५२।।**

અર્થ :—દેવ, નારકી, લબ્ધ્યપર્યાપ્તક તથા સમ્મૂર્છનમનુષ્ય એટલા તો સાન્તર એટલે અંતર સહિત છે, બાકીના સર્વ જીવો નિરંતર છે.

ભાવાર્થ :—એક પર્યાયથી અન્ય પર્યાય પામે, વળી પાછા ફરીથી તે ને તે જ પર્યાય પામે, એટલામાં વચ્ચે જે અન્તર રહે તેને સાન્તર (અન્તર સહિત) કહેવામાં આવે છે. અહીં નાના જીવ અપેક્ષાએ અન્તર કહ્યું છે, અર્થાત્ દેવ, નારકી, મનુષ્ય અને લબ્ધ્યપર્યાપ્તકજીવોની ઉત્પત્તિ કોઈ કાળમાં ન થાય તેને પણ અંતર કહે છે. તથા અંતર ન પડે તેને નિરંતર કહે છે. ત્યાં વૈક્રિયકમિશ્રકાયયોગી દેવ–નારકીનું તો બાર મુહૂર્તનું અંતર કહ્યું છે, અર્થાત્ કોઈ ન ઊપજે તો બાર મુહૂર્ત સુધી જ ન ઊપજે. વળી સમ્મૂર્ચ્છનમનુષ્ય કોઈ ન જ થાય તો પલ્યના અસંખ્યાતમા ભાગ કાળ સુધી જ ન થાય એ પ્રમાણે અન્ય ગ્રંથોમાં કહ્યું છે. બાકીના સર્વ જીવ નિરંતર ઊપજે છે.

જુઓ ! આ કેવળજ્ઞાનનો મહિમા. જગતમાં જે પ્રત્યેક સમયે થઈ રહ્યું છે તે બધું ભગવાનના જ્ઞાનમાં પ્રત્યક્ષ છે. એવા પોતાના જ્ઞાનસ્વભાવની મહિમા કરીને તેમાં અંતર્મુખ થવું તે ધર્મ છે. બધાને જાણવાવાળા પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરીને તેમાં એકાગ્ર થવું તે ધર્મીજીવનું કાર્ય છે. અજ્ઞાની જીવ પરનું અભિમાન કરીને રાગ-દ્વેષમાં રોકાય છે, તેના સિવાય પરનું કાંઈ કરી શકતો નથી.

**બહુવિધનાં મુનિલિંગને અથવા ગૃહસ્થીલિંગને**
**ગ્રહીને કહે છે મૂઢજન 'આ લિંગ મુક્તિમાર્ગ છે'. ૪૦૮.** –શ્રી સમયસાર

હવે જીવોની સંખ્યા દ્વારા અલ્પ-બહુત્વ કહે છે :—

मणुयादो णेरइया णेरइयादो असंखगुणगुणिया ।
सव्वे हवंति देवा पत्तेयवणप्फदी तत्तो ।।१५३।।

અર્થ :—મનુષ્યોથી નારકી અસંખ્યાતગુણા છે, નારકીઓથી બધા દેવ અસંખ્યાતગુણા છે અને દેવોથી પ્રત્યેકવનસ્પતિજીવ અસંખ્યાતગુણા છે.

જુઓ, નરક કરતાં સ્વર્ગના જીવો વધારે છે, જીવે નરકની સરખામણીમાં સ્વર્ગના ભવ અસંખ્યાતગણા વધારે કરેલ છે. આત્માનું ભાન વિના પાપ-પુણ્ય કરીને આ જીવ નરક તથા સ્વર્ગમાં અનંતવાર જઈ આવ્યો છે પરંતુ પાપ અને પુણ્ય એ બંનેથી પાર પોતાના જ્ઞાતાસ્વભાવનું ભાન પૂર્વમાં ક્યારેય કર્યું નથી.

ભાઈ ! આ જીવ પુણ્ય કરીને સ્વર્ગમાં ગયો પરંતુ આત્માનું હિત કર્યું નથી. પુણ્ય-પાપરહિત જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરવાથી જ આત્માનું હિત થાય છે.

આહાહા ! કેવળી ભગવાને આ બધું પ્રત્યક્ષ જોયું છે. હું પણ મારા જ્ઞાનસ્વભાવની ભાવના કરીને કેવળજ્ઞાન પ્રગટ કરીશ ત્યારે મારા જ્ઞાનમાં પણ આ બધું પ્રત્યક્ષ જણાશે. આ પ્રકારે જ્ઞાનસ્વભાવની પ્રતીતિપૂર્વક ધર્મી જીવ આ લોક સ્વરૂપનો વિચાર કરે છે. (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૮ થી ચાલુ)

નયથી જોવામાં આવે તો આ આત્મા પ્રગટ જ્ઞાયકજ્યોતિ માત્ર હોવાથી એકસ્વરૂપ જ છે. વળી સર્વ વિભાવભાવોને દૂર કરવાનો તેનો સ્વભાવ છે તેથી તે અમેચક છે, શુદ્ધ એકાકાર છે ને તે જ આરાધ્ય છે. એકસ્વરૂપી આત્માને દર્શન-જ્ઞાન-ચારિત્ર એમ ત્રણ સ્વભાવવાળો કહેવો તે વ્યવહાર છે, અનેકાકારપણાને લીધે મેચક છે. એકને ત્રણરૂપ પરિણમતો કહેવો તે મેચકપણું છે, મલિનતા છે, અપવિત્રતા છે. ભગવાન આત્મા તો એકસ્વરૂપ હોવાથી અમેચક છે, પવિત્ર છે, તેને ત્રણરૂપ પરિણમતો કહેવો તે અસત્યાર્થ હોવાથી અનેકાકાર એવો તે મોક્ષમાર્ગ પણ આશ્રય કરવા લાયક નથી.

પરિણામદૃષ્ટિથી દેખો તો દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ અનેકાકાર આત્મા છે ખરો. ખરેખર મોક્ષમાર્ગરૂપ પરિણતિ તે આત્માની જ છે, અન્ય નથી, તોપણ વસ્તુસ્વભાવથી દેખતાં આત્મા એકસ્વરૂપ હોવાથી તેને ત્રણરૂપે પરિણતો કહેવો તે વ્યવહાર છે.

(ક્રમશઃ) ❊

# સ્વતંત્રતાની ઘોષણા

(ચાર બોલથી સ્વતંત્રતાની ઘોષણા કરતાં ખાસ પ્રવચન)

આત્માને જે જ્ઞાન થાય છે તે જાણવાના પરિણામ આત્માના આશ્રયે છે. તે પરિણામ વાણીના આશ્રયે થયા નથી, કાનના આશ્રયે થયા નથી તેમ જ તે વખતની ઈચ્છાના આશ્રયે પણ થયા નથી. જો કે ઈચ્છા તે પણ આત્માના પરિણામ છે, પણ તે પરિણામના આશ્રયે જ્ઞાનપરિણામ નથી, જ્ઞાનપરિણામ આત્મવસ્તુના આશ્રયે છે—માટે વસ્તુ સામે જો.

બોલવાની ઈચ્છા થાય, હોઠ ચાલે, ભાષા નીકળે ને તે વખતે તે પ્રકારનું જ્ઞાન થાય,—આ ચાર પ્રકાર એકસાથે છે છતાં કોઈ કોઈના આશ્રયે નથી, સૌ પોતપોતાના પરિણામીના જ આશ્રયે છે. ઈચ્છા તે આત્માના ચારિત્રગુણના પરિણામ છે, હોઠ ચાલે તે હોઠના રજકણોની અવસ્થા છે, તે અવસ્થા ઈચ્છાના આધારે થઈ નથી. ભાષા નીકળી તે ભાષાવર્ગણાના રજકણોની અવસ્થા છે, તે અવસ્થા ઈચ્છાને આશ્રયે કે હોઠને આશ્રયે થઈ નથી, પણ પરિણામી એવા રજકણોના આશ્રયે તે ભાષા થઈ છે. અને તે વખતનું જ્ઞાન આત્મવસ્તુના આશ્રયે છે, ઈચ્છાના કે ભાષાના આશ્રયે નથી. આવું વસ્તુસ્વરૂપ છે.

ભાઈ, ત્રણકાળ ત્રણલોકમાં સર્વજ્ઞ ભગવાને જોયેલો આ વસ્તુસ્વભાવ છે તેને જાણ્યા વગર, અને સમજવાની દરકાર વગર આંધળાની જેમ ચાલ્યો જાય છે, પણ વસ્તુસ્વરૂપના સાચા જ્ઞાન વગર ક્યાંય કલ્યાણ નથી. આ વસ્તુસ્વરૂપ વારંવાર લક્ષમાં લઈને પરિણામમાં ભેદજ્ઞાન કરવા માટેની આ વાત છે. એક વસ્તુના પરિણામ બીજી વસ્તુના આધારે તો નથી, ને તે વસ્તુમાં પણ તેના એક પરિણામના આશ્રયે બીજા પરિણામ નથી, પરિણામી-વસ્તુના આશ્રયે જ પરિણામ છે.—આ મોટો સિદ્ધાન્ત છે.

ક્ષણે ક્ષણે ઈચ્છા, ભાષા ને જ્ઞાન, ત્રણે એકસાથે થાય છતાં ઈચ્છા ને જ્ઞાન તે જીવના આશ્રયે છે ને ભાષા તે જડના આશ્રયે છે; ઈચ્છાને કારણે ભાષા થઈ કે ભાષાના કારણે જ્ઞાન થયું—એમ નથી; તેમ જ ઈચ્છાના આશ્રયે પણ જ્ઞાન નથી. ઈચ્છા અને જ્ઞાન—એ બંને છે તો આત્માના પરિણામ, છતાં એકના આશ્રયે બીજા પરિણામ નથી. જ્ઞાનપરિણામ અને ઈચ્છાપરિણામ બંને ભિન્ન–ભિન્ન છે. જ્ઞાન તે ઈચ્છાનું કાર્ય નથી ને

પણ લિંગ મુક્તિમાર્ગ નહિ, અર્હંત નિર્મમ દેહમાં
બસ લિંગ છોડી જ્ઞાન ને ચારિત્ર, દર્શન સેવતા. ૪૦૯. –શ્રી સમયસાર

ઈચ્છા તે જ્ઞાનનું કાર્ય નથી. જ્યાં જ્ઞાનનું કાર્ય ઈચ્છા પણ નથી ત્યાં જડ ભાષા વગેરે તો તેનું કાર્ય ક્યાંથી હોય? એ તો જડનું કાર્ય છે.

જગતમાં જે કોઈ કાર્ય હોય તે સત્‌ની અવસ્થા હોય, કોઈ વસ્તુના પરિણામ હોય પણ વસ્તુ વગર અદ્ધરથી પરિણામ ન થાય. પરિણામીનું પરિણામ હોય, ટકતી વસ્તુના આશ્રયે પરિણામ થાય, પરના આશ્રયે ન થાય.

પરમાણુમાં હોઠનું હલન ને ભાષાનું પરિણમન—એ બંને પણ જુદી જુદી ચીજ છે. આત્મામાં ઈચ્છા અને જ્ઞાન—એ બંને પરિણામ પણ ભિન્ન—ભિન્ન છે.

હોઠના હલનના આશ્રયે ભાષાની પર્યાય નથી. હોઠનું હલન તે હોઠના પુદ્‌ગલોના આશ્રયે છે, ભાષાનું પરિણમન તે ભાષાના પુદ્‌ગલોના આશ્રયે છે.

હોઠ અને ભાષા; ઈચ્છા અને જ્ઞાન; એ ચારેનો કાળ એક, છતાં ચારે પરિણામ જુદા. તેમાં પણ ઈચ્છા અને જ્ઞાન એ બંને પરિણામ આત્માના આશ્રયે હોવા છતાં, તેમાં ઈચ્છાપરિણામના આશ્રયે જ્ઞાનપરિણામ નથી. જ્ઞાન તે આત્માના પરિણામ છે, ઈચ્છાના નહિ. તેમ જ ઈચ્છા તે આત્માના પરિણામ છે, પણ જ્ઞાનના નહિ. ઈચ્છાને જાણનારું જ્ઞાન તે ઈચ્છાનું કાર્ય નથી, તેમ જ તે જ્ઞાન ઈચ્છાને કરતું નથી. ઈચ્છાપરિણામ તે આત્માનું કાર્ય ખરું પણ જ્ઞાનનું નહિ; ભિન્ન—ભિન્ન ગુણના પરિણામ ભિન્ન—ભિન્ન છે. એક જ દ્રવ્યમાં હોવા છતાં એક ગુણના આશ્રયે બીજા ગુણના પરિણામ નથી.

કેટલી સ્વતંત્રતા!! ને આમાં પરના આશ્રયની તો વાત જ ક્યાં રહી?

આત્મામાં ચારિત્રગુણ, જ્ઞાનગુણ વગેરે અનંત ગુણ, તેમાં ચારિત્રના વિકૃત પરિણામ તે ઈચ્છા છે. તે ચારિત્રગુણના આશ્રયે છે, અને તે વખતે તે ઈચ્છાનું જ્ઞાન થયું તે જ્ઞાનગુણરૂપ પરિણામીના પરિણામ છે, તે કાંઈ ઈચ્છાના પરિણામના આશ્રયે નથી. આમ ઈચ્છાપરિણામ ને જ્ઞાનપરિણામ બંનેનું જુદું પરિણમન છે, એકબીજાના આશ્રયે નથી.

સત્ જેમ છે તેમ તેનું જ્ઞાન કરે તો સત્ જ્ઞાન થાય, ને સત્‌નું જ્ઞાન કરે તો તેનું બહુમાન ને યથાર્થનો આદર થાય, રુચિ થાય, શ્રદ્ધા થાય ને તેમાં સ્થિરતા થાય તેનું નામ ધર્મ છે. સત્‌થી વિપરીત જ્ઞાન કરે તો ધર્મ ન થાય. મૂળ ધર્મ સ્વમાં સ્થિરતા છે, પણ વસ્તુસ્વરૂપના સાચા જ્ઞાન વગર સ્થિરતા કરશે શેમાં?

**મુનિલિંગ ને ગૃહીલિંગ—એ લિંગો ન મુક્તિમાર્ગ છે;**
**ચારિત્ર-દર્શન-જ્ઞાનને બસ મોક્ષમાર્ગ જિનો કહે. ૪૧૦.** **–શ્રી સમયસાર**

આત્મા, અને શરીરાદિ રજકણો ભિન્ન–ભિન્ન તત્ત્વો છે; શરીરની અવસ્થા હાલે–ચાલે–બોલે તે તેના પરિણામી પુદ્ગલોના પરિણામ છે, તે પુદ્ગલોના આશ્રયે તે પરિણામ થયા છે, ઇચ્છાના આશ્રયે નહિ; તેમ જ ઇચ્છાના આશ્રયે જ્ઞાન પણ નથી. પુદ્ગલના પરિણામ આત્માના આશ્રયે માનવા, કે આત્માના પરિણામ પુદ્ગલના આશ્રયે માનવા તેમાં તો વિપરીત માન્યતારૂપ મૂઢતા છે.

જગતમાં પણ જે ચીજ જેમ હોય તેનાથી ઊલટી કોઈ કહે તો લોકો તેને મૂર્ખ કહે છે, તો આ સર્વજ્ઞે કહેલો લોકોત્તર વસ્તુસ્વભાવ જેમ છે તેમ ન માનતાં વિરુદ્ધ માને તો તે લોકોત્તર મૂર્ખ અને અવિવેકી છે. વિવેકી અને વિચક્ષણ થયો–ક્યારે કહેવાય? કે વસ્તુના જે પરિણામ થયા તેને કાર્ય ગણી, તેને પરિણામી-વસ્તુના આશ્રયે સમજે ને બીજાના આશ્રયે ન માને, ત્યારે સ્વ–પરનું ભેદજ્ઞાન થાય, ને ત્યારે વિવેકી થયો કહેવાય. પરના આશ્રયે આત્માના પરિણામ થતા નથી. અહીં તો વિકારી કે અવિકારી જે કોઈ પરિણામ જે વસ્તુના છે તે વસ્તુના જ આશ્રયે છે, પરના આશ્રયે નથી.

પદાર્થના પરિણામ તે જ તેનું કાર્ય છે–એ એક વાત; બીજું તે પરિણામ વસ્તુના જ આશ્રયે થાય છે, અન્યના આશ્રયે થતા નથી.–આ નિયમો જગતના બધા પદાર્થોમાં લાગુ પડે છે.

જુઓ, ભાઈ! આ તો ભેદજ્ઞાન માટે વસ્તુસ્વભાવના નિયમો બતાવ્યા છે. હળવે-હળવે દૃષ્ટાન્તથી યુક્તિથી વસ્તુસ્વરૂપ સિદ્ધ કરવામાં આવે છે.

કોઈને એવા ભાવ થયા કે એકસો રૂપિયા દાનમાં આપું, તેના તે પરિણામ આત્મવસ્તુના આશ્રયે થયા છે; ત્યાં રૂપિયા જવાની ક્રિયા તે રૂપિયાના રજકણના આશ્રયે છે, જીવની ઇચ્છાના આશ્રયે નહિ. હવે તે વખતે તે રૂપિયાની ક્રિયાનું જ્ઞાન, કે ઇચ્છાના ભાવનું જ્ઞાન થાય છે તે જ્ઞાનપરિણામ આત્માના આશ્રયે થયા છે.–આમ દરેક પરિણામની વહેંચણી કરીને વસ્તુસ્વરૂપ જાણવું જોઈએ.

ભાઈ, તારું જ્ઞાન ને તારી ઇચ્છા, એ બંને પરિણામ આત્મામાં જ હોવા છતાં તેઓ પણ એક બીજાના આશ્રયે નથી તો પછી પરના આશ્રયની તો વાત જ શી? દાનની ઇચ્છા થઈને રૂપિયા અપાયા, ત્યાં રૂપિયા જવાની ક્રિયા હાથના આધારે પણ નથી, હાથનું હાલવું તે ઇચ્છાના આધારે નથી, ને ઇચ્છાનું પરિણમન તે જ્ઞાનના આધારે નથી. સૌ પોતપોતાના આશ્રયભૂત વસ્તુના આધારે છે. (ક્રમશઃ) ❊

**તેથી તજી સાગાર કે અણગાર-ધારિત લિંગને,**
**ચારિત્ર-દર્શન-જ્ઞાનમાં તું જોડ રે! નિજ આત્મને. ૪૧૧.** **–શ્રી સમયસાર**

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

## પુનિત સમ્યક્‌દર્શન

'આત્મા છે, પરથી જુદો છે, પુણ્ય-પાપ રહિત જ્ઞાતા જ છે' આટલું માત્ર જાણવાથી સમ્યગ્દષ્ટિપણું થઈ શકતું નથી, કેમકે એવું તો અનંત સંસારી જીવ હોય તે પણ જાણે છે. જાણપણું તે તો જ્ઞાનના ઉઘાડનું કાર્ય છે, તેની સાથે પરમાર્થે સમ્યગ્દર્શનનો સંબંધ નથી.

હું આત્મા છું અને પરથી જુદો છું—એટલું માત્ર માનવું તે યથાર્થ નથી, કેમ કે આત્મામાં માત્ર અસ્તિપણું જ નથી, અને માત્ર જ્ઞાનપણું જ નથી, પરંતુ આત્મામાં તો જ્ઞાન, દર્શન, શ્રદ્ધા, સુખ, વીર્ય વગેરે અનંત ગુણો છે, તે અનંત ગુણોસ્વરૂપ આત્માના સ્વાનુભવ વડે જ્યાં સુધી આત્મસંતોષ ન થાય ત્યાં સુધી સમ્યગ્દષ્ટિપણું નથી.

નવતત્ત્વોનું જ્ઞાન, તેમજ પુણ્ય-પાપથી આત્મા જુદો છે એવું જ્ઞાન–તે બધાનું પ્રયોજન તો સ્વાનુભવ જ છે. હજી સ્વાનુભવની ગંધ પણ ન હોય અને ફક્ત વિકલ્પ વડે જ્ઞાનમાં જે જાણ્યું તેટલા જાણપણામાં જ સંતોષ માની લે અને પોતાને સમ્યગ્દષ્ટિ પોતે માને તો તે માન્યતામાં આખા પરમ આત્મસ્વભાવનો અનાદર છે. વિકલ્પરૂપ જાણપણાથી અધિક કશું જ ન હોવા છતાં જે જીવ પોતાને સમ્યગ્દષ્ટિપણું માની લ્યે તે જીવને પરમ કલ્યાણકારી સમ્યગ્દર્શનના સ્વરૂપની જ ખબર નથી. સમ્યગ્દર્શન અભૂતપૂર્વ ચીજ છે, તે વિકલ્પ વડે પ્રાપ્ત થઈ જાય એવું મફતિયું નથી, પરંતુ પરમ પવિત્ર સ્વભાવની સાથે પૂરેપૂરો સંબંધ ધરાવનારું સમ્યગ્દર્શન વિકલ્પોથી પેલે પાર સહજસ્વભાવના સ્વાનુભવ પ્રત્યક્ષપણા વડે પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી સહજસ્વભાવનું સ્વાનુભવપણું સ્વભાવની સાક્ષીએ ન આવે ત્યાં સુધી તેટલામાં સંતોષ ન માની લેતાં સમ્યગ્દર્શન પ્રાપ્તિના પરમ ઉપાયમાં નિરંતર જાગૃત રહેવું–એ નિકટ ભવ્યાત્માઓનું કર્તવ્ય છે; પરંતુ 'મને તો સમ્યગ્દર્શન થઈ ગયું છે, હવે તો ફક્ત ચારિત્રમોહ રહ્યો છે' એમ માની બેસીને પુરુષાર્થહીનપણું–શુષ્કપણું ન સેવવું. જીવ જો એમ કરશે તો સ્વભાવ તેને સાક્ષી નહિ આપે, અને સમ્યગ્દષ્ટિપણાની ખોટી ભ્રમણામાં જ જીવનું જીવન વ્યર્થ ચાલ્યું જશે. માટે જ્ઞાનીઓ ચેતવે છે કે–"જ્ઞાન, ચારિત્ર અને તપ એ ત્રણ ગુણોને

**તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા, અનુભવ તેહને;**
**તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે. ૪૧૨. –શ્રી સમયસાર**

ઉજ્જ્વળ કરનાર એવી એ સમ્યક્શ્રદ્ધા પ્રધાન આરાધના છે. બાકીની ત્રણ આરાધના એક સમ્યક્ત્વના વિદ્યમાનપણામાં જ આરાધકભાવે પ્રવર્તે છે; એ પ્રકારે સમ્યક્ત્વનો કોઈ અકથ્ય અને અપૂર્વ મહિમા જાણી તે પવિત્ર કલ્યાણમૂર્તિરૂપ સમ્યગ્દર્શનને આ અનંત અનંત દુઃખરૂપ એવા અનાદિ સંસારથી આત્યંતિક નિવૃત્તિ અર્થે હે ભવ્યો! તમે ભક્તિપૂર્વક અંગીકાર કરો, સમયે સમયે આરાધો!'' (શ્રી આત્માનુશાસન ગાથા-૧૦) નિઃશંક સમ્યગ્દર્શન થયા પહેલાં સંતોષ માની લેવો અને તે આરાધનાને પડતી મૂકી દેવી–એમાં પોતાના આત્મસ્વભાવનો અને કલ્યાણમૂર્તિ શ્રી સમ્યગ્દર્શનનો મહા અપરાધ અને અભક્તિ છે–કે જેનું મહા દુઃખદાયી ફળ વર્ણવી શકાય તેમ નથી. જેમ સિદ્ધનું સુખ વર્ણવી શકાય તેમ નથી, તેમ મિથ્યાત્વનું દુઃખ વર્ણવી શકાય તેમ નથી.

આત્મવસ્તુ એકલી દ્રવ્યરૂપ નથી; પરંતુ દ્રવ્ય-ગુણ-પર્યાય એ ત્રણ સ્વરૂપ છે. 'આત્મા અખંડ શુદ્ધ છે' એમ તો સાંભળીને માને, પરંતુ પર્યાયને સમજે નહિ, અશુદ્ધ અને શુદ્ધપર્યાયનો વિવેક કરે નહિ–એને સમ્યક્ત્વ હોઈ ન શકે. કદાચિત્ જ્ઞાનના ઉઘાડ વડે દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ (વિકલ્પજ્ઞાન વડે) જાણે તોપણ તેટલા માત્રથી જીવનું સાચું પ્રયોજન સિદ્ધ થતું નથી. કેમકે વસ્તુસ્વરૂપમાં એક જ્ઞાન ગુણ જ નથી; પરંતુ શ્રદ્ધા, સુખ વગેરે અનંત ગુણો છે અને જ્યારે તે બધાય ગુણો અંશે સ્વભાવરૂપ કાર્ય આપે ત્યારે જ જીવનું સમ્યગ્દર્શનરૂપી પ્રયોજન સિદ્ધ થાય છે. જ્ઞાનગુણે વિકલ્પ વડે આત્માને જાણવાનું કાર્ય કર્યું. પરંતુ ત્યારે શ્રદ્ધાગુણ તો મિથ્યાત્વરૂપ કાર્ય કરી રહ્યો છે, આનંદગુણ તો આકુળતાનું વેદન આપી રહ્યો છે–આ બધું ભૂલી જાય અને માત્ર વિકલ્પથી જ સંતોષ માની લ્યે તો તેમ માનનાર જીવ આખા આત્મદ્રવ્યને માત્ર જ્ઞાનના એક વિકલ્પમાં જ વેચી દે છે.

ફક્ત દ્રવ્યથી સંતોષ ન માની લેવો,–કેમ કે મહિમાવંતપણું દ્રવ્ય-ગુણથી નથી પરંતુ નિર્મળ પર્યાયથી જ મહિમાવંતપણું છે. દ્રવ્ય-ગુણ તો સિદ્ધને અને નિગોદને બંનેને છે, જો દ્રવ્ય-ગુણથી જ મહિમાવંતપણું હોય તો નિગોદપણું પણ મહિમાવંત કેમ ન ઠરે ? પરંતુ મહિમાવંતપણું તો નિર્મળ પર્યાયથી છે. પર્યાયની શુદ્ધતા જ ભોગવવામાં કામ આવે છે, કાંઈ દ્રવ્ય-ગુણની શુદ્ધતા ભોગવવામાં કામ આવતી નથી–કેમ કે તે તો અપ્રગટરૂપ છે–શક્તિરૂપ છે. માટે પોતાની વર્તમાન પર્યાયમાં સંતોષાઈ ન જતાં, પર્યાયની શુદ્ધતા પ્રગટાવવા માટે પવિત્ર સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનો અભ્યાસ કરવો.

**બહુવિધનાં મુનિલિંગમાં અથવા ગૃહીલિંગો વિષે**
**મમતા કરે, તેણે નથી જાણ્યો 'સમયના સાર'ને. ૪૧૩. –શ્રી સમયસાર**

'અહો! હજી પર્યાયમાં તો તદ્દન પામરતા છે, મિથ્યાત્વને તો અનંતકાળની એંઠ સમાન જાણીને આ જ ક્ષણે ઓકી નાખવાની જરૂર છે; જ્યાં સુધી એ જૂની એંઠ પડી હશે ત્યાં સુધી નવું મિષ્ટ ભોજન પચી નહિ શકે' આમ પોતાની પર્યાયની પામરતા જ્યાં સુધી જીવને ન ભાસે ત્યાં સુધી તેની દશા સમ્યક્ત્વસન્મુખ પણ નથી.

અરેરે! પરિણામોમાં અનેક પ્રકારના ઝંઝાવાત થતા હોય, પરિણતિનું સહજપણે આનંદમયપણું હોવાને બદલે એકલી કૃત્રિમતા અને ભય-શંકામાં ઝોક થતા હોય, એકેએક ક્ષણેક્ષણની પરિણતિ વિકારના ભાર નીચે દટાયેલી જ હોય, કદાપિ શાંતિ–આત્મસંતોષનો લવલેશ પણ અંતરમાં વર્તતો ન હોય છતાં પોતાને સમ્યગ્દર્શન માની લેવું એ તો કેવો દંભ! કેવી અજ્ઞાનતા અને સ્વ-આત્માની કેવી છેતરપીંડી?

અહા, કેવળી પ્રભુજીનું આત્મપરિણમન સહજપણે કેવળજ્ઞાનમય પરમ સુખદશાપણે જ પરિણમી રહ્યું છે, એ સહજપણે પરિણમતા કેવળજ્ઞાનનું મૂળ કારણ સમ્યક્ત્વ જ છે. તો પછી તે સમ્યક્ત્વસહિત જીવનું પરિણમન કેટલું સહજ હશે! નિરંતર એની આત્મજાગૃતિ કેવી વર્તતી હશે!!!

જે અલ્પકાળે કેવળજ્ઞાન જેવી પરમ સહજ દશાની પ્રાપ્તિ કરાવે એવું આ કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શન–તેને કલ્પના વડે કલ્પી લેવું એમાં તો અનંત કેવળી પ્રભુઓનો અને સમ્યગ્દષ્ટિઓનો કેટલો બધો અનાદર છે? ખરેખર તો એ પોતાના આત્માની પરમ પવિત્રદશાઓનો જ અનાદર છે.

સમ્યક્ત્વદશાની પ્રતીતિમાં આખો આત્મા આવી જાય છે; તે સમ્યક્ત્વ દશા થતાં પોતાને આત્મસાક્ષીએ સંતોષ આવે છે, નિરંતર આત્મજાગૃતિ વર્તે છે, ક્યાંય પણ તેની આત્મપરિણતિ ફસાતી નથી; એના ભાવોમાં કદી પણ આત્મા સિવાય અન્યત્ર ક્યાંય આત્મઅર્પણતા આવી જતી નથી. આવી દશાનું ભાન પણ ન હોય ત્યાં સમ્યગ્દર્શન હોય જ નહિ. ઘણા જીવો તો કુધર્મમાં જ અટક્યા છે; અહા, પરમ સત્યસ્વરૂપ સાંભળવા છતાં–વિકલ્પજ્ઞાનથી જાણવા છતાં—અને આ જ સત્ય છે એવી વ્યવહારપ્રતીત લાવીને પણ, પોતાનું અંતરપરિણમન તે-રૂપ કર્યા વગર સમ્યક્ત્વની પવિત્ર આરાધનાને અધૂરી મૂકીને તેમાં જ સંતોષ માની લેનારા જીવો પણ તત્ત્વનો અપૂર્વ લાભ પામી શકતા નથી.

માટે હે જીવ! હવે આત્માની દરકાર ખાતર પોતાની વર્તમાન વર્તતી યથાર્થદશા કેવી છે તે નક્કી કરવું અને ભ્રમ ટાળી રત્નત્રયની આરાધનામાં નિરંતર પ્રવર્તવું, એ પરમ પાવનકારી છે.

# અનુભવ કેટલા દિ'માં થાય ?

આત્માને અનુભવમાં લેવાનો આ અવસર છે. માટે
હે વાલીડા ! આળસ કરીશ મા..... પ્રમાદી થઈશ મા.

અહો, સ્વાનુભૂતિમાં આત્માની પ્રસિદ્ધિ થાય છે. તે મહા આનંદદાયક છે. સંતોએ પોતાના અનુભવમાં લઈને આવો આત્મા પ્રસિદ્ધ કર્યો છે, અને વાણી દ્વારા જગતના જીવોને માટે પણ તે પ્રસિદ્ધ કર્યો છે. સમયસારની આ ટીકાનું નામ आत्मख्याति છે, આત્મખ્યાતિ એટલે આત્માની પ્રસિદ્ધિ. આત્માનો અનુભવ. તેની રીત સંતોએ બતાવી છે. આ સમયસારમાં તેનું ઉત્કૃષ્ટ વર્ણન છે. જેમ ચક્રવર્તીના નવનિધાન અખૂટ છે, તે કદી ખૂટતા નથી, તેમ આત્મામાં અપાર અક્ષય ચૈતન્યનિધાન છે, અનુભવ દ્વારા તેને ખોલ્યા જ કરો પણ તે કદી ખૂટતા નથી. જગતને આવો આત્મવૈભવ સર્વજ્ઞદેવે ખુલ્લો કરીને બતાવ્યો છે. અહો, આ તો વીતરાગી સંતોના અંતરના અનુભવની વાત છે. આના ભાવો સમજવા માટે અંતરમાં ઘણું ઊંડું મંથન માંગે છે. અંદરમાં મંથન વગર આવો આત્મા અનુભવમાં આવે નહી. આત્માની સમજણ માટે ને અનુભવ માટે અંદરમાં ઘણો ઉગ્ર પ્રયત્ન હોય છે. જગતથી કેટલી ઉદાસીનતા ને ચૈતન્યની કેટલી પ્રીતિ હોય ! ત્યારે આત્મા અનુભવમાં આવે.

કેટલા દિ'માં અનુભવ થાય ?

જેવી પોતાની રુચિની ઉગ્રતા, કોઈને અંતર્મુહૂર્તમાં જ અનુભવ થાય છે પણ એને માટે મુદત ન હોય કે આટલા દિવસમાં અનુભવ થઈ જાય તો જ કરવો છે. રુચિવાળી વસ્તુના પ્રયત્નમાં હદ ન હોય, કાળની મર્યાદા ન હોય. જો કે ખરા મુમુક્ષુને રુચિની ઉગ્રતા તો એવી હોય કે આજે જ અત્યારે જ આત્મામાં ઊતરીને તેને અનુભવમાં લઉં. પછી પ્રયત્ન ઉપડતાં ઉપડતાં જરાક વાર લાગે તો તે થાકીને પ્રયત્ન છોડી દેતા નથી, પણ વધુને વધુ ઉગ્ર પ્રયત્ન વડે ઉદ્યમ કરીને અંતે સાક્ષાત્ આત્માનો અનુભવ કરે છે. સાચી રુચિના પ્રયત્ન વડે એવો અનુભવ જરૂર થાય છે. ખરો આત્માર્થી એવા દૃઢ નિશ્ચયવાળો હોય છે કે અંતર્દૃષ્ટિથી આત્માને દેખ્યે છૂટકો, ત્યાં સુધી બહાર નીકળવું નથી, રુચિને બીજે ક્યાંય જવા દેવી નથી. એકધારો આવો પ્રયત્ન કરનારને આત્માના આનંદની પ્રાપ્તિ જરૂર થાય છે. આ અંતરના ઉગ્ર પ્રયત્ન વગર આત્મા અનુભવમાં આવે નહિ. ભાઈ, વિકલ્પાતીત ભગવાન આત્મા આનંદનો નાથ, તેને તેં પૂર્વે કદી અનુભવમાં લીધો નથી, તેને અનુભવમાં લેવાનો આ અવસર છે. માટે હે વાલીડા ! અત્યારે તું આળસ કરીશ નહીં, પ્રમાદી થઈશ મા.



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—ત્યાગ તે જૈનધર્મ છે કે નથી?

ઉત્તર :—સમ્યગ્દર્શનપૂર્વકનો જેટલે અંશે વીતરાગભાવ પ્રગટે તેટલે અંશે કષાયોનો ત્યાગ થાય છે તેને ધર્મ કહેવાય છે. સમ્યગ્દર્શનાદિ અસ્તિરૂપ ધર્મ છે અને ત્યાં મિથ્યાત્વ અને કષાયનો ત્યાગ તે નાસ્તિરૂપ ધર્મ છે પણ સમ્યગ્દર્શન વિનાના ત્યાગથી ધર્મ નથી. જો મંદકષાય હોય તો પુણ્ય થાય.

પ્રશ્ન :—આત્માને કેમ ખમાવવો?

ઉત્તર :—અનંતગુણમય-જ્ઞાનઆનંદમય આત્માનું સ્વરૂપ ઓળખવું. આત્મામાં કોઈ વિભાવ નથી. આત્મા તો ક્ષમાનો સાગર, શાંતિનો સાગર છે. અનંત કાળથી અનંત ભાવો થયા, ગમે એટલા નિગોદના ભવો થયા છતાં આત્મા તો ક્ષમાનો ભંડાર છે એને ઓળખવો એ જ સાચી ક્ષમા છે.

પ્રશ્ન :—અહિંસાને પરમ ધર્મ કહ્યો છે; તેનો અર્થ શું?

ઉત્તર :—રાગથી લાભ માનવો એ તો ચૈતન્યપ્રભુનો અનાદર છે. અહિંસાને ધર્મ કહ્યો છે તે અહિંસા એટલે રાગાદિની ઉત્પત્તિ ન થવી તે વીતરાગી અહિંસાધર્મ છે. પરની દયાનો ભાવ તે રાગ છે, એ રાગથી સ્વની હિંસા થાય છે. આહાહા! આવી વાત પાત્ર વિના કોને બેસે?

પ્રશ્ન :—મોક્ષમાર્ગ તો બે પ્રકારના છે ને?

ઉત્તર :—મોક્ષમાગનું કથન બે પ્રકારથી છે, એક વ્યવહાર, બીજો નિશ્ચય. નિશ્ચય તો સાક્ષાત્ મોક્ષમાર્ગ છે, વ્યવહાર પરંપરા છે. અથવા સવિકલ્પ-નિર્વિકલ્પના ભેદથી નિશ્ચય—મોક્ષમાર્ગ પણ બે પ્રકારથી છે. હું અનંત જ્ઞાનસ્વરૂપ છું, શુદ્ધ છું, એક છું, અખંડ છું, ધ્રુવ છું એવું ચિંતવન છે તે સવિકલ્પ નિશ્ચય-મોક્ષમાર્ગ છે તે સાધક છે

**વ્યવહારનય એ ઉભય લિંગો મોક્ષપંથ વિષે કહે,**
**નિશ્ચય નહીં માને કદી કો લિંગ મુક્તિપથ વિષે. ૪૧૪. –શ્રી સમયસાર**

અને સવિકલ્પ ચિંતવન છૂટીને નિર્વિકલ્પ આત્મઅનુભવ તે નિશ્ચય મોક્ષમાર્ગ છે તે સાધ્ય છે. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં આવે છે કે પહેલાં હું શુદ્ધ છું આદિ ચિંતવનથી આત્મામાં અહંપણું ધારે છે અને પછી તે વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ થાય છે આ રીતે સવિકલ્પ ચિંતવનને—સવિકલ્પ નિશ્ચય મોક્ષમાર્ગને સાધક કહ્યો અને નિર્વિકલ્પ ધ્યાનને—નિર્વિકલ્પ નિશ્ચય મોક્ષમાર્ગને સાધ્ય કહ્યો છે. જેમ દેવ-ગુરુ-શાસ્ત્રની રાગમિશ્રિત શ્રદ્ધાને વ્યવહાર સમ્યક્ત્વ કહ્યું છે તે સમ્યક્ત્વ નથી. છે તો રાગ, પણ સમકિતનો આરોપ કરીને વ્યવહાર સમ્યગ્દર્શન કહ્યું છે. તેમ અહીં નિશ્ચય મોક્ષમાર્ગનો આરોપ કરીને સવિકલ્પ ચિંતવનને સવિકલ્પ મોક્ષમાર્ગ કહ્યો છે. સ્વના આશ્રયનો વિકલ્પ છે તેથી તેને સાધક કહ્યો છે. વિકલ્પ છે તે બંધનું કારણ છે તોપણ નિશ્ચયનો આરોપ કરીને સાધક કહેવામાં આવે છે. હું શુદ્ધ છું આદિ નિશ્ચયના સવિકલ્પ ચિંતવનને નિશ્ચયનયનો પક્ષ કહ્યો છે ને! તેમ અહીં આરોપ કરીને કહ્યું છે.

પ્રશ્ન :—શું દ્રવ્યલિંગ મોક્ષનું કારણ નથી?

ઉત્તર :—શાસ્ત્રજ્ઞાન તે દ્રવ્યલિંગ છે, નવતત્ત્વની ભેદવાળી શ્રદ્ધા તે દ્રવ્યલિંગ છે અને છ જીવનિકાયનું ચારિત્ર તે પણ દ્રવ્યલિંગ છે, શરીરનું નગ્નપણું તે પણ દ્રવ્યલિંગ છે, શાસ્ત્રના વિકલ્પો, પંચમહાવ્રત આદિના વિકલ્પો એ બધું દ્રવ્યલિંગ છે. એ દ્રવ્યલિંગમાં સંતો ન રોકાણા ને ભાવલિંગરૂપ દર્શન-જ્ઞાન-ચારિત્રનું સેવન કરતાં થકાં મોક્ષમાર્ગ અને મોક્ષને પામ્યા. જો દ્રવ્યલિંગ મોક્ષનું કારણ હોત તો તેને છોડીને અંદર આત્માના આશ્રયે કેમ જાત? જે શ્રદ્ધા-જ્ઞાનને ચૈતન્ય પ્રભુનો આશ્રય નથી એ શ્રદ્ધા-જ્ઞાન દ્રવ્યલિંગ છે, શરીર-આશ્રિત છે, પરદ્રવ્ય છે, સ્વદ્રવ્ય નથી.

પ્રશ્ન :—બંધનું કારણ પરદ્રવ્ય ને મોક્ષનું કારણ સ્વદ્રવ્ય છે ને?

ઉત્તર :—બંધનું કારણ પરદ્રવ્ય નથી, પરદ્રવ્ય તો સદાય હોય છે. જો તે બંધનું કારણ હોય તો બંધ રહિત ક્યારેય ન થઈ શકે. પરદ્રવ્ય પ્રત્યેનું સ્વામીત્વ તે બંધનું કારણ છે અને સ્વદ્રવ્ય પણ અનાદિથી છે જ છતાં મોક્ષ થયો નહિ. તેથી સ્વદ્રવ્યમાં સ્વામીત્વ તે મોક્ષનું કારણ છે. સ્વદ્રવ્યમાં સ્વામીપણું થતાં પરદ્રવ્ય હોવા છતાં પણ બંધ થતો નથી. માટે સ્વદ્રવ્યમાં સ્વામીપણું તે મોક્ષનું કારણ છે ને પરદ્રવ્યમાં સ્વામીપણું તે બંધનું કારણ છે.

**આ સમયપ્રાભૃત પઠન કરીને, અર્થ-તત્ત્વથી જાણીને,**
**ઠરશે અરથમાં આતમા જે, સૌખ્ય ઉત્તમ તે થશે. ૪૧૫.** **–શ્રી સમયસાર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—બહાર જવાથી ઘર છૂટી જશે એવો તેને ડર શું નથી લાગતો?

સમાધાન :—તેને એવો ડર નથી કે મારું ચૈતન્યનું ઘર છૂટી જશે. તે એકદમ દૃઢતા કરીને ચૈતન્યને ગ્રહણ કરીને ઊભો છે. કોઈને પુરુષાર્થની મંદતા થાય તે વાત જુદી છે, બાકી પોતાને અંશે શાંતિ વર્તે છે ને પ્રતીતિ છે કે આ ચૈતન્યનું ઘર તો મારા હાથમાં છે. તે ઘર તો તેને ગમે તે કાર્યોમાં—ગમે તેવા પ્રસંગોમાં—છૂટતું નથી, કોઈ રીતે તેની જ્ઞાયકતા છૂટતી જ નથી. ઊંચામાં ઊંચા શુભભાવના પ્રસંગો હોય, ત્યારે પણ અમુક અંશે ચૈતન્યઘર ગ્રહણ કર્યું છે તે છૂટતું નથી. દ્રવ્ય–ગુણ–પર્યાયના વિચાર કરતો હોય ત્યારે પણ ચૈતન્યઘરને છોડતો નથી ને દેવ-શાસ્ત્ર-ગુરુના વિચાર–ભક્તિ કરતો હોય ત્યારે પણ ચૈતન્યઘર તો છૂટતું જ નથી. ચૈતન્યઘર તેને સમીપ જ છે. તેને બહારમાં એકત્વ થતું જ નથી. બહારથી થાકે તો અંદરમાં વિશ્રામ લેવા ચાલ્યો જાય છે. મુનિઓ તો વારંવાર ચાલ્યા જાય છે, મુનિઓ બહાર બહુ ટકી શકતા જ નથી.

પ્રશ્ન :—ગુરુદેવના પ્રવચનમાં આવે છે કે જ્ઞાની જ્ઞાનપણે પરિણમે છે, ક્રોધરૂપે પરિણમતો નથી અને રાગ મારામાં થાય છે એમ માનતો નથી, રાગનું પરિણમન પુદ્‌ગલનું છે એમ માને છે. રાગ પોતાની પર્યાયમાં થાય છે, છતાં તે કઈ રીતે એમ માને છે?

સમાધાન :—જ્ઞાની દ્રવ્યદૃષ્ટિના બળે રાગ મારામાં થાય છે એમ માનતા નથી. આ ચૈતન્ય દ્રવ્યને મેં જે ગ્રહણ કર્યું છે તેની અંદર રાગ નથી. જે રાગ થાય છે તે પુદ્‌ગલના નિમિત્તે થાય છે, માટે જેના નિમિત્તે રાગ થાય છે તે નિમિત્તનો તે છે, પણ મારા ચૈતન્યઘરનો તે નથી. એટલે જે રાગ થાય છે તેનો બધો વિભાગ (ભેદ) કરીને કહે છે કે, આ વિભાગ પરના ઘરનો છે, મારા ચૈતન્યના ઘરનો નથી. મારા સ્વઘરની વિભૂતિ તે મારી છે. મારી અસ્થિરતાને લઈને હું બહાર જાઉં છું, પણ તે મારું નથી એમ એનો વિભાગ કરીને તે ઊભો છે. આ વિભાવાદિ બધું નિમિત્તના ઘરનું—જડના ઘરનું છે—તે જડ છે, અને મારા ચૈતન્યના ઘરનું ચૈતન્ય છે.—એવો વિભાગ દ્રવ્યદૃષ્ટિના બળે કરીને

ઊભો છે. જોકે પુરુષાર્થની મંદતાને લઈને મારી પોતાની પરિણતિમાં વિભાવ થાય છે તેમ જાણે છે, તો પણ દ્રવ્યદૃષ્ટિનું બળ એવું છે કે તે ચૈતન્યને જ ગ્રહણ કરે છે. આ બાકીનું બધું વિભાવના ઘરનું જ છે, મારા ઘરનું કાંઈ નથી, તેનો એક અંશ પણ મારો નથી. શુભભાવ હોય કે અશુભભાવ હોય, ગમે તે હોય તે બધું વિભાવના ઘરનું છે. દ્રવ્યદૃષ્ટિના બળમાં એટલો જોરદાર નિષેધ છે કે આ બધું પર તરફનું છે, મારું નથી, ચૈતન્યપણું જ મારા ચૈતન્યઘરનું છે. શુદ્ધ ચૈતન્ય તે હું, જેટલી અશુદ્ધતા છે તે મારી નથી, પર તરફની છે. મારી મંદતાને લઈને પરિણતિમાં અશુદ્ધતા આવે છે, તો પણ મારી નથી.

જેમ સ્ફટિક સ્વભાવે નિર્મળ છે તેમાં જે મલિનતા છે તે સ્ફટિક તરફની છે જ નહિ. મલિનતા નિમિત્ત તરફની છે, તો પણ સ્ફટિક પર્યાયમાં મલિનરૂપે પરિણમે છે. તેમ મારામાં મલિનતા તરફનો કોઈ ભાગ નથી, પણ મારી પરિણતિ મલિન થાય છે તે જ્ઞાની જાણે છે તથા તે પરિણતિને પોતે પલટાવવા પ્રયત્ન કરે છે. છતાં દૃષ્ટિનું બળ એવું છે કે આ કાંઈ મારું નથી. જ્ઞાની જાણે છે કે હું રાગરૂપે પરિણમી જાઉં છું, રાગમાં જોડાઈ જાઉં છું, તે મારી મંદતા છે. રાગ મારા ઘરનો નથી, નિમિત્તના ઘરનો છે, છતાં મારી પરિણતિ તે રૂપે પરિણમી જાય છે. આવું જાણતી વખતે પણ મારું આ કાંઈ છે જ નહિ એટલું જોર દ્રવ્યદૃષ્ટિમાં વર્તે છે અને એટલા જોરને લઈને સાથે રહેલી પરિણતિને પલટાવવાનો પ્રયત્ન થાય છે. જેટલો પ્રયત્ન ઊપડે છે એટલી શુદ્ધિ થાય છે, જેટલી પ્રયત્નમાં મંદતા છે તેટલી તેને અશુદ્ધતા ઊભી રહે છે.

---

(અનુસંધાન પેજ નં. ૧૨ થી ચાલુ)

કહેવાય, તે તો સંસારમાં રખડવાની સેવા કરી કહેવાય; તેમ કોઈ સદ્ગુરુદેવ પાસે આખો દિવસ રહે પરંતુ તેમના ભાવ ન સમજે તો તે સેવા ન કહેવાય. ગુરુદેવ શું કહે છે તે આશય બરાબર પોતાના ભાવમાં સમજી જાય તો સેવા કરી કહેવાય.

પરમ ગુરુની સેવાના પ્રસાદથી સર્વ રાગ-દ્વેષનો નાશ થઈ મોક્ષદશા થાય છે. શરીર, મન, વાણીથી ભિન્ન અને રાગ તથા ભેદથી રહિત અખંડ જ્ઞાયકસ્વરૂપને એકરૂપ ઓળખવું તે પરમ ગુરુની સેવાનો પ્રસાદ છે એ પ્રસાદથી અર્થાત્ આત્મસ્વરૂપનાં શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતાથી આત્મા મોક્ષરૂપી પરમ સ્ત્રીનો કાન્ત થાય છે—સ્વામી થાય છે. શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતાદ્વારા પૂર્ણ નિર્મળદશા એવી પ્રગટે કે તે અનંતકાળ રહે.

(ક્રમશઃ) ❊

## બાળ વિભાગ

# હનુમાનને પરમાત્માના દર્શન



એકવાર શ્રી અનંતવીર્ય મુનિરાજને કેવળજ્ઞાન થયું. દેવો અને વિદ્યાધરો આકાશમાં મંગળ વાજા વગાડતા કેવળજ્ઞાનનો મહાન ઉત્સવ મનાવવા આવ્યા. હનુમાન પણ આ ઉત્સવમાં ગયા હતા અને તેમણે ભગવાનના દર્શન કર્યા. અહો ! દિવ્ય ધર્મસભાની વચ્ચે નિરાલંબી બિરાજમાન અનંતચતુષ્ટય સંયુક્ત પરમાત્માને જોઈને હનુમાનને ખૂબ જ આશ્ચર્ય થતા થકા અતિ પ્રસન્ન થયા. તેમણે જીવનમાં પહેલી વખત વીતરાગદેવને સાક્ષાત્ જોયા હતા. જેમ સમ્યગ્દર્શનના સમયે પ્રથમવાર આત્મદર્શન થતાં ભવ્યજીવોના આત્મ-પ્રદેશ પરમ આનંદથી ખિલી ઉઠે છે તેમ હનુમાનનું હૃદય પણ પ્રભુદર્શનથી ખીલી ઊઠ્યું.

અહો ! પ્રભુની મુદ્રા કેવી પરમ શાંત અને વીતરાગતા ઝળકી રહી છે. તેને જોતા હનુમાનના રોમે-રોમ હર્ષિત થઈ ગયા, તે પ્રભુની સર્વજ્ઞતામાં વહેતી અતીન્દ્રિય આનંદ-રસ ને શ્રદ્ધાના પ્યાલા ભરી ભરીને પીવા લાગ્યા. પરમ ભક્તિથી તેમના હૃદયના તાર ઝણઝણી ઊઠ્યા—

અત્યંત આત્મોત્પન્ન વિષયાતીત અનૂપ અનંતકા,
વિચ્છેદહીન હૈ સુખ અહો ! શુદ્ધોપયોગ પ્રસિદ્ધકા.

અહો પ્રભુ ! તમે અનુપમ અતીન્દ્રિય-આત્મસુખના શુદ્ધોપયોગના પ્રસાદનો અનુભવ કરી રહ્યા છો. અમારી પણ એવી ઈચ્છા છે કે અમે પણ આવા ઉત્કૃષ્ટ સુખને પ્રાપ્ત થઈએ.

– આવી પ્રસન્નતાપૂર્વક સ્તુતિ કરીને હનુમાન કેવળી પ્રભુની સભામાં બેઠા. વાચકો, તમારી જાણ માટે કે મહારાજા રાવણ પણ આ જ કેવળી પ્રભુની સભામાં બેસીને ધર્મોપદેશ સાંભળતા હતા.

સર્વ દિશાઓમાં આનંદ ફેલાવતી થકી, પ્રભુની વાણી છૂટી રહી હતી, ભવ્ય જીવો પ્રસન્નતાથી ઝૂમી રહ્યા હતા. ભયંકર ગરમીમાં વરસાદ થતા જેમ જીવોને શાંતિ થાય તેમ સંસારના ક્લેશથી ત્રસ્ત જીવોના ચિત્ત દિવ્યધ્વનિની વર્ષાથી ખૂબ જ શાંત થયા.

પ્રભુની વાણીમાં આવ્યું કે—“અહો જીવો! સંસારની ચારેય ગતિ શુભ-અશુભભાવોથી દુઃખરૂપ છે, આત્માની દશા જ પરમ સુખરૂપ છે—એમ જાણીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્વારા તેની સાધના કરો. રાગથી તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર—ત્રણેય ભિન્ન છે અને આનંદરૂપ છે.”

બધા ભવ્યજીવ એકદમ શાંતચિત્તથી સાંભળી રહ્યા હતા, પ્રભુ કહે છે કે આત્માના ચૈતન્યસુખની અનુભૂતિ વિના અજ્ઞાની જીવ પુણ્ય-પાપમાં મોહિત રહે છે અને બાહ્ય વૈભવની તૃષ્ણાની વૃદ્ધિથી દુઃખી થાય છે. અરે જીવો! વિષયોની લોલુપતા છોડીને પોતાની આત્મશાંતિને જાણો. વિષયાતીત ચૈતન્યનું મહાન સુખ તમારી અંદર ભરેલું છે.

આત્માને ભૂલીને વિષયોના વશ થઈને આ જીવ મહાનિંદ્ય પાપકર્મ કરીને નરકાદિ ગતિમાં મહાન દુઃખ ભોગવે છે. અરે, અતિ દુર્લભ મનુષ્યપર્યાય પ્રાપ્ત કરીને જે જીવ આત્મહિત નથી કરતો અને તીવ્ર હિંસા-અસત્ય-ચોરી આદિ પાપકાર્યો કરીને નરકમાં જાય છે. દારૂ-માંસ-મધ આદિ અભક્ષ્યનું સેવન કરી જીવ નરકમાં જાય છે અને ત્યાં તેના શરીરના ટુકડા-ટુકડા કરવામાં આવે છે. આવા દુઃખોથી આત્માને છોડાવવા માટે હે જીવ! તમે આત્માને સમજો, તેની શ્રદ્ધા કરો અને શુદ્ધોપયોગરૂપ અનુભવ કરો. શુદ્ધોપયોગરૂપ આત્મધર્મનું ફળ મોક્ષ છે.

જીવ ઘણા પુણ્ય કરીને દેવગતિમાં જાય છે, પરંતુ ત્યાં પણ અજ્ઞાનતાથી બાહ્યવૈભવમાં રચ્યોપચ્યો રહે છે અને આત્માના સાચા સુખને જાણતો નથી. અરે!, આવો દુર્લભ અવસર ધર્મ કરવા માટે મળ્યો છે. માટે હે જીવો! પોતાનું હિત કરી લો! સંસારસમુદ્રમાં ખોવાયેલો મનુષ્યભવરૂપી અવતાર ફરી મળવો અતિ દુર્લભ છે. તેથી તત્ત્વજ્ઞાનપૂર્વક મુનિ અથવા શ્રાવકધર્મનું પાલન કરીને આત્માનું હિત કરો.”

આ પ્રમાણે અનંતવીર્ય કેવળજ્ઞાનીની દિવ્યધ્વનિ હનુમાન એકચિત્તે સાંભળી રહ્યા હતા અને પરમ વૈરાગ્યરસથી તરબોળ થઈ ગયા. કેવળીનો આવો સુંદર વીતરાગી ધર્મનો ઉપદેશ સાંભળી દેવ, મનુષ્ય અને તિર્યંચ સર્વે આનંદિત થઈ રહ્યા હતા. કેટલાય જીવો મુનિદીક્ષા ધારણ કરે છે અને કેટલાય જીવો કલ્યાણકારી અપૂર્વ સમ્યગ્દર્શન ધર્મને પ્રાપ્ત થાય છે.

હનુમાન, વિભીષણ આદિ બધાએ ઉત્તમ ભાવનાથી શ્રાવકના વ્રત અંગીકાર કર્યા. હનુમાનને મુનિ થવાની ભાવના હતી, પરંતુ માતા-અંજનાના પ્રતિ પરમ સ્નેહને કારણે તેઓ મુનિ ન થઈ શક્યા. અરે, સંસારનો સ્નેહ-બંધન એવું જ છે.

ભગવાનનો ઉપદેશ સાંભળી ઘણા જીવોનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ખીલી ઉઠ્યું, જેમ વરસાદ થતા બાગ-બગીચા ખીલી ઊઠે છે, તેમ જિનવાણીની અમૃતવર્ષાથી ધર્માત્મા જીવોના આનંદ-બગીચા....શ્રાવકધર્મ તથા મુનિધર્મના પુષ્પો ખીલી ઊઠ્યા.

આ પ્રમાણે કેવળીભગવાનની સભામાં આનંદપૂર્વક ધર્મનું સ્વરૂપ સાંભળી વ્રત-નિયમ અંગીકાર કરી સર્વે પોત-પોતાના સ્થાને ચાલ્યા ગયા. હનુમાનની પ્રસન્નતાનો પાર ન હતો. આજ તો તેમણે પરમાત્માને સાક્ષાત્ જોયા હતા. તેથી તેમના આનંદની શી વાત ? ઘેર આવીને તેમણે આ વાત પોતાની માતાને કહી—

“અહાહા માતા ! આજ તો મેં સાક્ષાત્ પરમાત્માના દર્શન કર્યા. અહાહા ! કેવું અદ્ભૂત રૂપ ! કેવી તેમની પરમ શાંત મુદ્રા ! અને કેવો અદ્ભુત તેમનો ઉપદેશ ! માં, આજ તો મારું જીવન ધન્ય બની ગયું.”

ત્યારે માતા અંજના કહે છે—“વાહ બેટા ! અરિહંતદેવના સાક્ષાત્ દર્શન થયા, તેથી તારા ભાગ્ય ધન્ય છે અને તેમના સ્વરૂપને જે સમજે, તેમને તો ભેદજ્ઞાન થઈ જાય છે.”

હનુમાન કહે છે—“વાહ માતા ! તમારી વાત સત્ય છે. અરિહંત પરમાત્મા તો સર્વજ્ઞ છે, વીતરાગ છે, તેના દ્રવ્યમાં, ગુણમાં, પર્યાયમાં સ્વતંત્ર ચૈતન્યભાવ જ છે. રાગનો અંશમાત્ર પણ તેમના આત્મામાં નથી, માટે તેને સમજીને જો પોતાના આત્માને રાગથી ભિન્ન સર્વજ્ઞસ્વભાવી જાણે છે તેને જ સમ્યગ્દર્શન થાય છે. ભગવાને પણ એમ જ કહ્યું છે કે—

જે જાણતો અરિહંતને, ચૈતન્યમય શુદ્ધભાવથી,
તે જીવ જાણે આત્મને, સમ્યક્ત્વ લહે આનંદથી.

માતા ! મને મારા અનુભવમાં આવેલી વાત શ્રીપ્રભુની વાણીમાં સાંભળતા મહાન પ્રસન્નતા થઈ છે.”

માતા અંજના પણ પુત્રની પ્રસન્નતા જોઈ આનંદિત થઈ અને કહ્યું “વાહ બેટા ! ભગવાન પ્રતિ તારો આવો પ્રેમ જોઈ મારું મન આનંદિત થયું. ભગવાનની વાણીમાં બીજું શું સાંભળ્યું ? તે તો મને બતાવ ?”

હનુમાને અતિ ઉલ્લસિત થઈ કહ્યું—"અહો માતા! ભગવાનની વાણીમાં આત્માના અદ્‌ભુત આનંદનું સ્વરૂપ અને વીતરાગરસથી ભરપૂર ચૈતન્યતત્ત્વની ગંભીર મહિમા સાંભળી ભવ્ય જીવ શાંતરસની નદીમાં તરબતર થઈ જતા હતા. માતા ત્યાં કેટલાય મુનિરાજની ઉપસ્થિતિ હતી."

તેઓ આત્માના આનંદમાં ઝૂલતા હતા. અહા! આનંદમાં ઝૂલતા મુનિવરોને જોઈ મને પણ તેમની સાથે રહેવાનું મન થયું. પરંતુ....." (આટલું કહી હનુમાન ચુપ થઈ ગયા.)

અંજનાએ પૂછ્યું—બેટા હનુમાન! તું બોલતા બોલતા કેમ અટકી ગયો. શું બોલું પણ! મને જિનદીક્ષાની ઉત્તમ ભાવના જાગી, પરંતુ હે માતા! તમારા સ્નેહના બંધનને હું તોડી ન શક્યો. તમારા પ્રત્યેના અતિ સ્નેહને કારણે હું મુનિ ન થઈ શક્યો. માતા, સંપૂર્ણ સંસારના મોહને છોડવા હું સમર્થ છું પરંતુ એક તમારા પ્રતિ મોહ છૂટતો નથી, એટલે મહાવ્રત ન લઈને મેં માત્ર અણુવ્રત અંગીકાર કર્યા છે.

અંજનાએ પ્રસન્ન થઈને કહ્યું—અરે પુત્ર! તું અણુવ્રતધારી શ્રાવક થયો, એ પણ મોટા આનંદની વાત છે. તારી ઉત્તમ ભાવના જોઈને મને આનંદ થાય છે. હું પણ મહાન ધર્માત્મા અને ચરમશરીરી મોક્ષગામી પુત્રની માતા છું તેનું મને ગૌરવ છે. અરે, વનમાં જન્મેલો તારો આ પુત્ર પછી વનવાસી થશે જ અને આત્મા ને પરમાત્મદશાને સાધશે. ધન્ય તે પુત્ર!...... ધન્ય તે માતા!! સ્વાનુભૂતિ જ ચેતનની માતા!!

---

## ❀ મંગલ પત્રિકાલેખન વિધિ ❀

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૧૦૫મા જન્મોત્સવની નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ તા. ૨૨-૭-૨૦૧૮ રવિવારના દિવસે સુવર્ણપુરી (સોનગઢ)માં વિવિધ મુમુક્ષુમડળોના સભ્યોની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ. સવારે નંદીશ્વર જિનાલયમાં અષ્ટાહ્નિક પૂજન પછી પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયું. ત્યારબાદ સર્વે મુમુક્ષુઓ સુરેન્દ્રનગરનિવાસી શ્રીમતી મંજુલાબેન રમેશચંદ્ર શાહના નિવાસસ્થાને ગયા. ત્યાંથી વાજતે-ગાજતે અત્યંત ઉત્સાહપૂર્વક નિમંત્રણ પત્રિકાને પરમાગમમંદિરમાં લાવવામાં આવી. પછી નિમંત્રણ પત્રિકાનું વાંચન આયોજક શ્રી અખિલ સૌરાષ્ટ્ર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ વતી શ્રી હિરેનભાઈ રમેશચંદ્ર શાહ, સુરેન્દ્રનગર દ્વારા ભાવવાહી રીતે કરવામાં આવ્યું. ત્યારબાદ પત્રિકા-લેખન વિધિ ભક્તિમય વાતાવરણમાં સાનંદ સંપન્ન થઈ.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૭-૪૫ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (તેરમી વખતથી પહેલાના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ | : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ | : | બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

✻ **રક્ષાબંધન પર્વ :–**શ્રાવણ પૂર્ણિમાના દિવસે શ્રી વિષ્ણુકુમાર મુનિરાજે શ્રી અકંપનાચાર્યાદિ ૭૦૦ મુનિવરોની ઉપસર્ગથી રક્ષા કરી હતી. આ પર્વ તા. ૨૬-૮-૨૦૧૮, રવિવારના દિવસે પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઉજવવામાં આવશે.

✻ **જ્ઞાનવૈભવ–પ્રકાશન વાર્ષિક દિવસ :–**'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ' ગ્રંથના પ્રકાશનનો વાર્ષિક દિવસ શ્રાવણ વદ-૧૪, તા. ૮-૯-૨૦૧૮ શનિવારના દિવસે છે. આ દિવસે બહેનશ્રીના ઉપકારો પ્રતિ કૃતજ્ઞતા જ્ઞાપનાર્થ, શ્રી જિનેન્દ્રપૂજા સમારોહ આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

❀ **દશલક્ષણપર્યુષણપર્વ :–**ભાદરવા સુદ ૫, શુક્રવાર તા. ૧૪-૯-૨૦૧૮ થી ભાદરવા સુદ ૧૪, રવિવાર, તા. ૨૩-૯-૨૦૧૮ સુધી દસ દિવસ શ્રી દશલક્ષણપર્યુષણપર્વ શ્રી દશલક્ષણ-મંડલવિધાનપૂજા તથા મુનિધર્મમહિમાયુક્ત અધ્યાત્મ જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની ઉપાસનાપૂર્વક ઉજવવામાં આવશે. એ જ રીતે તા. ૨૨-૯-૨૦૧૮, શનિવારથી તા. ૨૪-૯-૨૦૧૮, સોમવાર સુધી ત્રણ દિવસ 'રત્નત્રયધર્મ' પર્વ પણ ઊજવાશે.

❀ **ઉત્તમ ક્ષમાવણીપર્વ :–**ભાદરવા વદ ૧, મંગળવાર, તા. ૨૫-૯-૨૦૧૮ના દિવસે ક્ષમાવણીપર્વ ક્ષમાવણીપૂજા, સાંવત્સરિક આલોચના તથા ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

### આત્મધર્મ-વાર્ષિક શુલ્ક

આ ઓગસ્ટ માસથી આપનું આત્મધર્મનું વાર્ષિક લવાજમ પુરું થાય છે. આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઈચ્છતા હો તો કૃપા કરી વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ તાત્કાલિક મોકલશો. જો આપ આજીવન સ્થાયી ગ્રાહક બનવા ઈચ્છતા હો તો રૂા. ૧૦૧=૦૦ મોકલવા વિનંતી.

## (૫૯)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા ભરો)

(૧) ભાવ નિર્ગ્રંથપણું ક્યા ગુણસ્થાને શરૂ થાય ?
(અ) ચોથે (બ) પાંચમે (ક) છઠ્ઠે (..........)

(૨) નય કોને ન હોય ?
(અ) મિથ્યાદષ્ટિને (બ) કેવળીને (ક) બંનેને (..........)

(૩) નય ક્યારે શરૂ થાય ?
(અ) સમ્યગ્દર્શન પહેલાં (બ) સમ્યગ્દર્શન પછી (ક) છઠ્ઠા ગુણસ્થાને (..........)

(૪) સમ્યગ્દષ્ટિને સિદ્ધ ભગવાન જેટલું સુખ છે કે સિદ્ધ ભગવાન જેવું સુખ છે ?
(અ)જેટલું (બ) જેવું (ક) બંને (..........)

(૫) સૌ પ્રથમ ક્યો રાગ છૂટે ?
(અ) બુદ્ધિપૂર્વકનો (બ) અબુદ્ધિપૂર્વકનો (ક) બંને (..........)

(૬) દર્શનમોહનીય કર્મની વધારેમાં વધારે સ્થિતિ કેટલી ?
(અ) ૭૦ સાગર (બ) ૭૦ કરોડ સાગર (ક) ૭૦ ક્રોડાક્રોડી સાગર (..........)

(૭) સિદ્ધ ભગવાનને સ્વભાવ અર્થ પર્યાય અને વિભાવ વ્યંજન પર્યાય હોય છે ?
(અ) હા (બ) ના (..........)

(૮) બધા સિદ્ધ ભગવાનને અર્થ પર્યાય સરખી હોય છે ?
(અ) હા (બ) ના (..........)

(૯) વિદેહક્ષેત્રમાં તિર્થંકર ક્યારે હોય ?
(અ) ત્રણે કાળ (બ) ચોથા કાળમાં (ક) પંચમકાળમાં (..........)

(૧૦) અજ્ઞાની ઉપભોગને ભોગવે છે ?
(અ) હા (બ) ના (..........)

(૧૧) રાગ જ્ઞાનીને હોય કે અજ્ઞાનીને ?
(અ) જ્ઞાનીને (બ) અજ્ઞાનીને (ક) બંનેને (..........)

(૧૨) સકલ સંયમ કોને હોય ?
(અ) ચોથા ગુણસ્થાને (બ) પાંચમા ગુણસ્થાને (ક) મુનિને (..........)

(૧૩) દ્રવ્યના થોડા ભાગમાં હોય પણ કાયમ હોય તેવું શું છે ?
(અ) ગુણ (બ) પર્યાય (ક) એવું હોય જ નહીં (..........)

(૧૪) અલોકાકાશમાં કેટલા દ્રવ્ય હોય છે ?
(અ) એક (બ) છ (ક) શૂન્ય (..........)

(૧૫) જગતના દરેક દ્રવ્યની સ્વતંત્રતા ગુણને કારણે છે ?
(અ) અગુરુલઘુત્વ (બ) અસ્તિત્વગુણ (ક) વસ્તુત્વગુણ (..........)

(૧૬) મલિનતા શેમાં હોય ?
(અ) સ્વભાવમાં (બ) શક્તિમાં (ક) પર્યાયમાં (..........)

(૧૭) એક જીવને ઓછામાં ઓછા અને વધારેમાં વધારે શરીર હોય તો કેટલા ?
(અ) ૨ અને ૪ (બ) ૩ અને ૪ (ક) ૨ અને ૩ (..........)

(૧૮) મનુષ્યગતિમાં કેટલા જીવો હોય ?
(અ) સંખ્યાત (બ) અનંત (ક) અસંખ્યાત (..........)

(૧૯) કોથળીમાં રૂપિયા છે તેમ દ્રવ્યમાં ગુણો હશે ?
(અ) હા (બ) ના (..........)

(૨૦) શરીર કેટલા પ્રકારના હોય છે ?
(અ) ચાર (બ) પાંચ (ક) ત્રણ (..........)

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્ન જુલાઈ–૨૦૧૮ના ઉત્તર

(૧) વાત્સલ્ય
(૨) સર્વાર્થસિદ્ધિ
(૩) શુદ્ધ
(૪) શબ્દ
(૫) ચારિત્ર મોહનીય
(૬) ક્ષાયોપશમિક
(૭) સાતમા
(૮) ઔદારિક
(૯) વિકલ્પ
(૧૦) પુરુષાર્થ
(૧૧) સંજ્ઞી પંચેન્દ્રિય
(૧૨) ઉપશમ અથવા ક્ષપક
(૧૩) અશુદ્ધ
(૧૪) મહાવીર
(૧૫) મોહ
(૧૬) પંચાસ્તિકાય
(૧૭) જીવત્વ
(૧૮) પર્યાય
(૧૯) અનિત્ય તાદાત્મ્ય
(૨૦) અતિવ્યાપ્તિ

## બાળકો માટેના આપેલ પ્રશ્ન જુલાઈ – ૨૦૧૮ના ઉત્તર

(૧) તીર્થંકર
(૨) સ્વયંસિદ્ધ
(૩) આત્મા
(૪) આત્મા
(૫) પર, ચૈતન્ય
(૬) પર, રાગ, ઉપયોગ
(૭) ભિન્ન, અજીવ
(૮) શુદ્ધાત્મા, સાચી
(૯) અધ્યાત્મ
(૧૦) અમૃત, આત્મા
(૧૧) આત્મા, ભવ
(૧૨) રત્નત્રય, તીર્થ
(૧૩) આત્મા, અવિચળ
(૧૪) આત્મા
(૧૫) વસ્ત્ર, આત્મા
(૧૬) સ્વ, પર
(૧૭) શુદ્ધ, સામ્રાજ્ય
(૧૮) સમ્યક્
(૧૯) સમ્યક્જ્ઞાન, ઉપયોગ
(૨૦) અરૂપી, જ્ઞાન

## (૬૦)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

**( A )** (નીચેના પ્રશ્નોનાં ઉત્તરો બાલપોથીમાંથી મળશે.)

(૧) નમન કરવા યોગ્ય ............. છે.

(૨) દેવ ............ અને ............... છે.

(૩) મુક્તિનો માર્ગ .............. બતાવે છે.

(૪) અરિહંત જેવો ................. છે.

(૫) હું ............. સ્વભાવી ............. છું.

(૬) હું મારા ........... થી .............. છું

(૭) શરીર ............... છે.

---

**( B )** **સાચા જોડકા બનાવો**

| | |
|---|---|
| (૧) જીવ | (૧) અવગાહન હેતુત્વ |
| (૨) પુદ્‌ગલ | (૨) સ્થિતિ હેતુત્વ |
| (૩) ધર્મ | (૩) પરિણમન હેતુત્વ |
| (૪) અધર્મ | (૪) જ્ઞાન-દર્શનરૂપ |
| (૫) આકાશ | (૫) સ્પર્શ, રસ, ગંધ, વર્ણ—રૂપી |
| (૬) કાળ | (૬) ગતિ હેતુત્વ |
| (૭) જીવ | (૭) મોહ, રાગ, દ્વેષરૂપ ભાવ |
| (૮) અજીવ | (૮) શુભાશુભભાવમાં અટકવું |
| (૯) આસ્રવ | (૯) જ્ઞાયક—ચેતનપણું |
| (૧૦) બંધ | (૧૦) જડ—અચેતન |
| (૧૧) સંવર | (૧૧) શુદ્ધિની પૂર્ણતા |
| (૧૨) નિર્જરા | (૧૨) શુદ્ધિની ઉત્પત્તિ |
| (૧૩) મોક્ષ | (૧૩) શુદ્ધિની વૃદ્ધિ |

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● કોઈપણ જીવ પોતાની હૈયાતી વિના, ક્રોધાદિ થવા કાળે, આ ક્રોધાદિ છે, એમ જાણી શકે જ નહિ. પોતાની વિદ્યમાનતામાં જ એ ક્રોધાદિ જણાય છે. રાગાદિને જાણતાં પણ જ્ઞાન.....જ્ઞાન એમ મુખ્યપણે જણાવા છતાં જ્ઞાન તે હું એમ ન માનતાં. જ્ઞાનમાં જણાતા રાગાદિ તે હું એમ રાગમાં એકતાબુદ્ધિથી જાણે છે—માને છે, તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. ૩૦૨.

● ભાઈ તારા મહાત્મ્યની શી વાત! જેનું સ્મરણ થતાં જ આનંદ આવે એના અનુભવના આનંદની શી વાત! મારી તાકાત તે કેટલી? જેમાં નજરું નાખતાં નિધાન ખુલી જાય એ તે વસ્તુ કેવી? રાગને રાખવાનો તો મારો સ્વભાવ નહિ, પણ અલ્પજ્ઞતાને પણ હું રાખી શકું નહિ.—એમ પોતાને પ્રતીતિ આવતાં હું સર્વજ્ઞ થઈશ ને અલ્પજ્ઞ નહીં રહી શકું' એમ ભરોસો આવી જાય છે. ૩૦૩

● આ વસ્તુ પ્રયોગમાં લાવવા માટે અંદર મૂળમાંથી પુરુષાર્થનો ઉપાડ આવવો જોઈએ કે હું આવો મહાન પદાર્થ!—એમ નિરાવલંબનપણે કોઈના આધાર વિના અદ્ધરથી વિચારની ધૂન ચાલતાં ચાલતાં એવો રસ આવે કે બહારમાં આવવું ગોઠે નહિ, હજુ છે તો વિકલ્પ, પણ એમ જ લાગે કે આ...હું...આ....હું એમ ઘોલનનું જોર ચાલતાં ચાલતાં એ વિકલ્પો પણ છૂટીને અંદરમાં ઉતરી જાય છે. (નિર્વિકલ્પ થવા પહેલાંની દશા આવી હોય છે.) ૩૦૪.

● આ આત્માને પરમાત્મા થવાની વાત અબજો રૂપિયા આપે તો પણ સાંભળવા મળે તેવી નથી. આ પરમાત્માની વાત પૈસાની ચીજ જ નથી. આનું પૈસાથી મૂલ્યાંકન થઈ શકે નહિ. બહારની ચીજથી મૂલ્યાંકન થઈ શકે એવી આ ચીજ જ નથી. ૩૦૫.


● માથાનો કાપનાર, કંઠનો છેદનાર, પોતાનું જેટલું અહિત નથી કરતો તેટલું અહિત પોતાનો ઊંધો અભિપ્રાય કરે છે. જગતને પોતાના ઊંધા અભિપ્રાયની ભયાનકતા ભાસતી નથી. ૩૦૬.

● જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું એ લક્ષણ છે કે જ્ઞાનમાં રાગ પ્રત્યે તીવ્ર અનાદર ભાવ જાગે છે, તે જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું લક્ષણ છે. આત્મામાં રાગની ગંધ નથી. રાગના જેટલા વિકલ્પો ઊઠે તેમાં બળું છું. તેમ દુઃખ છે—ઝેર છે તેમ પહેલા જ્ઞાનમાં નિર્ણય કરે તો ભેદજ્ઞાન પ્રગટે છે. ૩૦૭.

આત્મધર્મ
ઓગસ્ટ-૨૦૧૮
અંક-૧૨ ● વર્ષ-૧૨

Posted at Songadh PO
Publish on 1-8-2018
Posted on 1-8-2018

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org